# અહિંસામીમાંસા

ડૉ. કનુભાઈ શેઠ
ગુણવંત બરવાળિયા

# ભગવતી અહિંસા

सव्वाओवि नईओ कमेण जहु सायरम्मि निवडंति ।
तह भगवई अहिंसा सव्वे धम्मा समिल्लंति ।।

જેવી રીતે બધીજ નદીઓ સાગરમાં સમાઈ જાય છે તેવી રીતે બધાજ ધર્મો ભગવતી અહિંસામાં સમાયેલા છે. (અર્થાત્ ભગવતી અહિંસા સર્વમાન્ય, સર્વ વ્યાપક છે.)

❀

શસ્ત્ર એટલે હિંસક હથિયાર જે એકથી એક ચડિયાતું પણ હોઈ શકે છે. પરંતુ તે અહિંસા (અશસ્ત્ર)ની હરોળમાં આવી શકે તેમ નથી. અર્થાત્ અહિંસા એ જ સર્વોપરિ શ્રેષ્ઠ છે.

(આચારાંગ : ૩/૪)

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂ. પૂ.
તપગચ્છ જૈન સંઘ ઘાટકોપર (પૂર્વ) પ્રેરિત પ્રકાશન

# અહિંસામીમાંસા

ડૉ. કનુભાઈ શેઠ
ગુણવંત બરવાળિયા

-: પ્રકાશક :-
સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ
લિટરરી રીસર્ચ સેન્ટર
SPRJ કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગદીશ બોડા વિદ્યા સંકુલ,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોન : ૫૧૬ ૩૪૩૪, ૫૧૫ ૫૪૭૬

AHINSAMIMANSA
Written & Edited by : Dr. K. V. Sheth &
Gunvant Barvalia

July - 2001

© પ્રકાશક
મૂલ્ય : રૂા.૩૦/-

પ્રકાશન સૌજન્ય :
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મૂ. પૂ.
તપગચ્છ જૈન સંઘ ઘાટકોપર (પૂ) મુંબઈ-૭૭.

પ્રકાશક :
**સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર**
પી. એન. દોશી વિમેન્સ કોલેજ ઓફ આર્ટસ્
SPRJ કન્યા શાળા ટ્રસ્ટ, શ્રી જગદીશ બોડા વિદ્યા સંકુલ,
કામાગલી, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

પ્રાપ્તિ સ્થાન :
✦ નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.
ગાંધી રોડ, દેરાસર પાસે, અમદાવાદ-૧.
✦ પ્રવિણ પ્રકાશન, ઢેબર ચોક,
લાભ ચેમ્બર્સ, પહેલે માળે, રાજકોટ-૧.

મુદ્રક :
નિતીન બદાણી - અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ
પંતનગર, ઘાટકોપર. ફોન : ૫૧૧ ૪૩૪૧, ૫૧૧ ૯૧૫૨

# અહિંસાનું હાર્દ

ભગવાન મહાવીરના ૨૬૦૦ જન્મ કલ્યાણકનો સુઅવસર સાંપડ્યો છે. જે મહાવીર પ્રતી આસ્થાપક શ્રધ્ધાન્વિત વ્યક્તિઓ માટે અપૂર્વ પ્રસંગ છે. દરેક વર્ગની વ્યક્તિ પોતપોતાના કાર્યક્ષેત્રની અનુસાર આ પ્રસંગે પોતાની ધાર્મિક શ્રધ્ધાંજલિ સમર્પિત કરવા ઉત્સુક છે, પ્રયત્નશીલ છે. ત્યારે સાહિત્યકારો પર એક જવાબદારી, નૈતિક જવાબદારી આવી છે કે આવા શુભ અવસરે તેઓ ભગવાન મહાવીરના સદુપદેશને જિજ્ઞાસુઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરે.

સમસ્ત વિશ્વ ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક મહોત્સવ ઉજવી રહ્યું છે. ભારતમાં અને પરદેશમાં અનેક કાર્યક્રમો વિવિધ સ્થળે યોજાઈ રહ્યા છે. આજે જ્યારે વિશ્વ વિનાશના પંથે આગેકૂચ કરી રહ્યું છે. ત્યારે જન્મકલ્યાણકના વિરલ અને મંગળ પ્રસંગે સમસ્ત વિશ્વને ભગવાન મહાવીરના જૈન ધર્મના અનેકાંતવાદ, પરમસહિષ્ણુતા, પરમતસહિષ્ણુતા, શાંતિમય સહઅસ્તિત્વ, અહિંસા, વિશ્વપ્રેમ, વિશ્વશાંતિ અને કરુણાના સિધ્ધાંતોનો પૂરો લાભ મળે, તેમ દિલથી પ્રાર્થીએ છીએ. આજની સંતપ્ત દુનિયા માટે જૈન ધર્મ એક ઔષધ સમાન છે. આથી મહાવીરના પ્રત્યેક સિધ્ધાંતોનો વૈશ્વિક સ્તરે જેટલો ફેલાવો અને પ્રચાર થાય તેનો જીવમાત્રને લાભ છે, ફાયદો છે. ભગવાન મહાવીરના સિધ્ધાંતોનું પાલન કરનાર દેશ તથા વિશ્વ, આધ્યાત્મિક અને નૈતિક ઉન્નતિ પ્રાપ્ત કરશે તેવી શ્રધ્ધા સાથે.

આના પ્રયાસરૂપ `મહાવીરની અહિંસા' વિષયક પુસ્તક `અહિંસામીમાંસા' પ્રગટ કરતા વિશેષ આનંદ હર્ષ અને સંતોષની લાગણી અનુભવીએ છીએ.

અહિંસા વિષે ભગવાન મહાવીરે કહ્યું છે —

જેને તું હણવા માંગે છે — તે તું જ છે.

જેના પર તું શાસન કરવા માંગે છે — તે તું જ છે.

જેને તું પરિતાપ ઉપજાવવા માંગે છે — તે તું જ છે.

જેને તું દબાવવા માંગે છે તે તું જ છે.

જેને તું મારી નાખવા માંગે છે તે તું જ છે.

આ પ્રમાણે જાણીને સમજુ માણસ કોઈને હણતો નથી કે હણાવતો નથી.

દરેક દરેક પ્રાણીનું રક્ષણ કરો. નાનામાં નાના પ્રાણીથી માંડીને મોટામાં મોટાં તમામ પ્રાણીનું રક્ષણ કરો. સૌને જીવન ઈષ્ટ છે, મરણ અનિષ્ટ છે. સૌને સુખ ઇષ્ટ છે, દુઃખ અનિષ્ટ છે માટે કોઈને ન હણો ન મારો.

બાહ્ય હિંસાની અપેક્ષાએ માનસિક હિંસા બળવત્તર છે. માનવી બહાર સંઘર્ષ કરે છે, લડાઈ કરે છે, હજારો સૈનિકોને પરાજિત કરે છતાં વિજયી નથી. ભગવાન મહાવીરની દ્રષ્ટિએ જે માનવી આત્મા સાથે સંઘર્ષ કરે જે આંતરિક શત્રુઓ આત્માને ઘેરી વળ્યો છે તેને પરાજિત કરે, જે શત્રુઓ બહારના શત્રુઓની અપેક્ષાએ વિશેષ ખતરનાક ભયંકર છે. તેને અંકુશિત કરે તે વિજયી છે. બાહ્ય શત્રુઓ પ્રાણ લઈ આ ભવ નષ્ટ કરે છે જ્યારે આંતરિક શત્રુઓ આત્માના સદ્‌ગુણોને નષ્ટ કરી કષાય સ્વરૂપમાં મદોન્મત બની અનેક ભવો નષ્ટ કરે છે. માટે જ ભગવાન મહાવીરે કહ્યું – લડાઈ કરો આંતરિક શત્રુઓ સાથે અને એ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરો.

ભગવાન મહાવીરની અહિંસાનું હાર્દ અને ભાવનાનું આપણા સૌમાં અવતરણ થાય તેવી અભીપ્સા.

સંશોધન સંપાદન કાર્યમાં શ્રીમતી ડૉ. કલ્પનાબેન કે. શેઠ અને શ્રીમતી ડૉ. મધુબેન જી. બરવાળિયાનો સહયોગ સાંપડ્યો છે તે બદલ આભાર.

પુસ્તક પ્રકાશનના આર્થિક સહયોગી દાતા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘ ઘાટકોપર (પૂર્વ) તથા ટ્રસ્ટી શાંતિભાઈ આર. શાહ (ગોરસવાળા)નો આભાર માનીએ છીએ.

કનુભાઈ શેઠ

ગુણવંત બરવાળિયા

# અહિંસા-સર્વ ધર્મમાન્ય સિદ્ધાંત

મનુષ્યના કુદરતી પાંચ ધર્મો છે જે દરેક ધર્મના દર્શનકાર્યએ સર્વમાન્ય રીતે અપનાવ્યા છે. મનુષ્ય માત્રના કુદરતી ધર્મો એક સમાન હોય. કોઈપણ દેશ, ધર્મ, જાતિ કે સમાજનો સભ્ય એમ સ્વીકારશે નહીં કે ચોરી કરવી જોઈએ, બ્રહ્મચર્ય નહીં પાળવું જોઈએ, લોભ કરવો જોઈએ, હિંસા કરવી જોઈએ, અસત્ય બોલવું જોઈએ.

पंचैतानि पवित्राणि सर्वेषां धर्माचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुन वर्जनम् ॥

અર્થાત્ - અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને મૈથુનવર્જન (બ્રહ્મચર્ય)એ પાંચને દરેક ધર્મવાળાઓએ- દર્શનકારોએ પવિત્ર માનેલ છે. આનું કારણ એ જ કે- પાંચે ધર્મો મનુષ્યના કુદરતી ધર્મો છે. તેમાં અહિંસા ધર્મને વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે.

અહિંસાએ સર્વમાન્ય સિદ્ધાંત છે. છતાં શાસ્ત્રીય-ધાર્મિક અજ્ઞાનતા, શાસ્ત્રીય મોહ, શોખ, અહ્‌મને સંતોષવાની ક્ષુલ્લકવૃત્તિ જેવા અનેકવિધ પ્રલોભનને કારણે સંસારમાં હિંસા પ્રવૃત્તિ વધી ગઈ છે અને નિરંતર વૃદ્ધિ થતી રહે છે. 'अहिंसा परमो धर्म !' અહિંસાને પરમ-શ્રેષ્ઠ ધર્મ માનનારા પણ પોતે જીવનમાં કેટલું અહિંસા પાલન કરતાં હશે તે વિચારવાનું રહે છે. વળી કેટલાક શાસ્ત્રો પશુબલિને ધર્મ તરીકે પુષ્ટિ આપે તે પણ શાસ્ત્રવિરુદ્ધ માની શકાય.

દુનિયાના પ્રાયઃ દરેક ધર્મ, ધર્મગ્રંથો અને ધર્માત્માઓએ એક યા બીજા સ્વરૂપે અહિંસાને પ્રાધાન્ય આપ્યું છે તેથી જ માનવજાતિના ઈતિહાસમાં અહિંસા વિષયક જેવું અને જેટલું વિષદ છણાવટયુક્ત વર્ણન મળે છે તેવું અને તેટલું વર્ણન બીજા કોઈ પણ વિષય પરત્વે નથી. માનવની ચેતના અને માનવની કરુણાનો મૂળ આધાર તેનામાં રહેલી અહિંસાવૃત્તિ છે. અહિંસાવૃત્તિ મૂળભૂત વૃત્તિ હોવા છતાં, તે સર્વમાન્ય હોવા છતાં તેના સિદ્ધાંતોમાં એકરૂપતા જણાતી નથી. હિંસા અને અહિંસાને અલગ તારવતી ભેદરેખા દરેક ધર્મમાં અલગ અલગ છે. ક્યાંય પશુવધ-માનવવધને માન્ય

કરવામાં આવતો નથી તો ક્યાંક એકેન્દ્રિયજીવ, વનસ્પતિને, ઝાડ-પાંદડાને પીડા ઉપજાવવી તેને પણ હિંસા સ્વરૂપે દર્શાવવામાં આવ્યાં છે.

મૂસાએ ધાર્મિકજીવન માટે દસ આદેશો આપ્યાં છે એમાંનો એક 'હત્યા ન કરો.' પરંતુ આ આદેશનો અર્થ યહુદીસમાજ માટે, વ્યક્તિગત સ્વાર્થ માટે પોતાના જાતીભાઈની હિંસા ન કરવી. એ પૂરતો જ મર્યાદિત કર્યો. ઈસ્લામી ધર્મમાં પણ અહિંસાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, તે પણ સાધાર્મિક બંધુઓ સુધી જ સીમિત, મર્યાદિત રહ્યું છે. ઈસાઈધર્મમાં પણ અહિંસાની વાત કરવામાં આવી છે. તેઓ થોડા આગળ વધેલા છે. ઈસાએ શત્રુઓ પ્રત્યે પણ કરુણા પ્રગટાવી અહિંસા ધર્મનું મહત્ત્વ સમજાવ્યું છે. તેમાં સ્વધર્મી-વિધર્મી, શત્રુ-મિત્ર પ્રત્યે સમાન કરુણાભાવે વર્તવાનું કહેવામાં આવ્યું છે. મહાત્મા મસીહે કહ્યું છે કે જો કોઈ દુશ્મન તમારા એક ગાલે તમાચો મારે તો તમારો બીજો ગાલ પણ તેની સમક્ષ ધરી દ્યો. ઈસુખ્રિસ્તે કહ્યું છે કે જો તમે મંદિર કે ધર્મસ્થાનકમાં પ્રાર્થના અર્થે જઈ રહ્યા હોય અને તમારે કોઈ સાથે અણબનાવ થયો હોય તો પ્રથમ પાછા ફરી તેની ક્ષમા માંગી પછી જ પ્રાર્થના કરો. જો તમારા મનમાં વિરોધી કે શત્રુભાવ હશે તો તમને ઈશ્વરની પ્રાર્થના કરવાનો અધિકાર નથી. ઈસાઈ ધર્મમાં પણ પશુબલિ સ્વીકાર્ય નથી.

વેદોમાં પણ 'पुमान् पुमांस परिपातु विश्वतः' (ઋગ્વેદ ૬-૭૫-૧૪) રૂપે અરસપરસ સુરક્ષાની વાત કરવામાં આવી છે.

અર્થાત્ मित्रास्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे' (યજુર્વેદ, ૩૬, ૧૮) દ્વારા સર્વ પ્રાણી પ્રત્યે મિત્રભાવની કામના સેવવામાં આવી છે પરંતુ વેદોની આ અહિંસક ચેતના માનવજાત સુધી જ સીમિત રહી છે. વેદોમાં તો ક્યાંક શત્રુ વર્ગના વિનાશ માટે પ્રાર્થનાઓ પણ મળી આવે છે. યજ્ઞોમાં પશુબલિ સ્વીકૃત છે. વેદવિહિત હિંસાને હિંસાની કોટિમાં માનવામાં આવતી નથી. વેદોમાં ધર્મના નામે થતી હિંસાને સમર્થન આપવામાં આવ્યું છે. ડૉ. આલ્બર્ટ સ્વાઈત્ઝરે 'Reverence to life' જીવો પ્રત્યેનો, જીવન પ્રત્યેના આદરનો સિદ્ધાંત આપ્યો. એમાં પણ અહિંસાનો સિદ્ધાંત સમાયેલો છે. અહિંસક ચેતનાનો સર્વાંશે વિકાસ થયેલો છે શ્રમણ પરંપરામાં. તેનું મુખ્ય

કારણ ગૃહસ્થજીવનમાં પૂર્ણ અહિંસા નો આદર્શ સાકાર થવો અશક્ય છે. આ બધી ધર્મ પરંપરાઓમાં સંન્યાસમાર્ગ, નિવૃત્તિપરકમાર્ગ સ્વીકૃત થયેલો હોતો નથી. શ્રમણ પરંપરામાં નિર્ગ્રંથો-સંન્યાસ સ્વીકારી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરે છે. શ્રમણ પરંપરામાં નવકોટિપૂર્ણ અહિંસાનો વિચાર પ્રવિષ્ટ થયેલો છે. મનથી, વચનથી, કાયાથી હિંસા કરવી નહીં, કરાવવી નહીં, કરતાં પ્રત્યે અનુમોદન આપવું નહીં. આમ અહીંયા અહિંસાનો અર્થ ગહનતા અને વ્યાપકતા સાથે સાંકળી લેવામાં આવ્યો છે. છતાં પણ બૌદ્ધપરંપરામાં ષટ્ જીવનિકાયનો વિચાર અસ્તિત્વમાં નથી. બૌદ્ધભિક્ષુઓ નદી-નાળાનું પાણી ગાળીને પીતા હતાં. બૌદ્ધ પરંપરામાં નવકોટિ અહિંસાની માન્યતા સ્વયંની અપેક્ષાઓ કરવામાં આવેલી છે. બીજા તેમના નિમિત્તે શું કરે છે, કહે છે તેના પર વિચારણા થઈ નથી. જૈન પરંપરામાં નવકોટિ અહિંસા સ્વીકાર્ય છે. ઉપરાંત પોતાને માટે બીજાને હિંસાનો અવસર ન આપે, બીજા દ્વારા થતી હિંસામાં પોતે ભાગીદાર ન થવું પડે તેવી સૂક્ષ્મ બાબતો પણ નોંધવામાં આવી છે. બૌદ્ધભિક્ષુઓ નિમંત્રિત ભોજનનો સ્વીકાર કરે છે જ્યારે નિર્ગ્રન્થ પરંપરામાં ઔદ્દેશિક આહાર અગ્રાહ્ય માનવામાં આવ્યો છે. કારણ કે ત્યાં નૈમેત્તિક હિંસા દોષની સંભાવના રહેલી છે. આથી કહી શકાય કે જૈન પરંપરામાં અહિંસાનો અર્થવ્યાપક રીતે ઉપલબ્ધ છે.. જૈનધર્મ અહિંસા પ્રધાન ધર્મ છે. તેની પ્રત્યેક સાધનામાં અહિંસાનું મધુર સંગીત વહેતું રહે છે જેથી મનુષ્ય આનંદ-વિભોર બને છે. જો માનવ અહિંસાની સાધનામાં સફળ થાય તો બાકીની અન્ય સાધનામાં આસાનીથી સફળ થઈ શકે છે.

### અહિંસાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ :-

જૈનધર્મમાં અહિંસાના સિદ્ધાંતને મનોવૈજ્ઞાનિક આધારે સ્થાપિત કરવામાં આવ્યો છે. અહિંસાને આર્હત પ્રવચનનો સાર, શુદ્ધ અને શાશ્વત ધર્મ રૂપે દર્શાવવામાં આવ્યો છે. ક્યારેક પ્રશ્ન ઊઠે- અહિંસાને ધર્મ કેમ માનવામાં આવે છે ? મનોવૈજ્ઞાનિક સ્તરે તેનો પ્રત્યુત્તર છે – દરેક પ્રાણીમાં જિજીવિષા પ્રધાન છે. દરેક જીવને સુખ અનુકૂળ છે, દુઃખ પ્રતિકૂળ છે.

"सव्वे पावा सव्वे जीवा सव्वे सत्ता सव्वे भूआ न हंतव्वा न परिता– वेयव्वा । सव्वेपाणा पियाउआ, अप्पियवहा, सुहसाया दुक्खपडिकुला

सव्वेपि जीविउ काय, सव्वेसिं जीवियं पियं.

દરેકે દરેક પ્રાણીનું રક્ષણ કરો. નાનામાં નાના પ્રાણીથી માંડીને મોટામાં મોટા તમામ પ્રાણીનું રક્ષણ કરો. સૌને જીવન ઈષ્ટ છે, મરણ અનિષ્ટ છે. સૌને સુખ ઈષ્ટ છે, દુઃખ અનિષ્ટ છે. - માટે કોઈને ન હણો, ન મારો.''

નવકોટિ અહિંસામાં મન, વચન અને કાયા દ્વારા અહિંસાને સાધવી પડે છે. શરીર પર નિયંત્રણ કરવાથી શરીર દ્વારા થતી હિંસા અટકે છે. તેવી જ રીતે વચન અને મનને અંકુશિત કરવાથી મન અને વચન દ્વારા થતાં પાપ અટકાવાય છે. હિંસા કરવીએ પાપ બંધન રૂપ નીવડે છે. સર્વસાધારણ મત એક છે સ્વયં હિંસા કરવાથી વિશેષ પાપ લાગે છે. પરંતુ આ એકાંત સત્ય નથી. હિંસા કરવી, કરાવવી કે અનુમોદના કરવી- બધું જ પાપબંધન રૂપ છે. ક્યારેક એવું પણ બને કે હિંસા સ્વયં કરવા કરતાં અન્ય પાસે કરાવવાથી કે અનુમોદના કરવાથી વિશેષ પાપ લાગે છે. આથી હિંસા માટેનું કોઈ માપદંડ કે સ્થૂળ થર્મોમીટર બનાવી શકાતું નથી. હિંસા અને અહિંસા, પાપ અને ધર્મનું માપદંડ વિવેક છે. કોઈપણ પ્રકારની બ્રાહ્મક્રિયા કર્મ નથી. ક્યારેક આપણે પોતે પાપ, અસત્ કાર્ય કે હિંસાથી નિવૃત્તિ લઈ લઈએ અને એજ હિંસાનું, પાપનું કાર્ય બીજા પાસે નિર્દયતાપૂર્વક કરાવીએ અને પોતે સ્વયં સંતોષ માનીએ કે મેં પોતે હિંસાનું કાર્ય નથી કર્યું તો મને ક્યાંથી પાપ લાગે. જેણે પ્રત્યક્ષ રૂપે કર્યું પાપ તો એને લાગે- પરંતુ તે એમ નથી. પરોક્ષ રીતે થયેલ પાપ પણ ભોગવવું જ પડે છે. પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે થયેલા પાપકાર્યની જવાબદારી તેની જ રહે છે જેણે પાપ કરવા પ્રેર્યો હોય, અનુમોદના કરી હોય.

કોઈ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે કષ્ટ આપવામાં આવે તો હિંસા થવાની જ. કોઈ મજુર માથે ખુબ ભાર ઊંચકતો જતો હોય, હાંફતો હોય, થાકેલો હોય, પરસેવે રેબઝેબ હોય, રસ્તામાં ભીડ હોય ત્યારે પ્રથમ તેને રસ્તો કરી આપવો જોઈએ. અહીંયા પરોક્ષ રૂપે અહિંસાચરણ થયું કહેવાય. કોઈ વ્યક્તિને પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે કષ્ટ આપવામાં આવે ત્યારે હિંસા થવાની જ..

પ્રશ્ન ઉદ્ભવે કે હિંસા કરવામાં વધુ પાપ છે, કે કરાવવામાં કે અનુમોદન આપવામાં વધારે પાપ છે. જૈનધર્મ તો અનેકાંતવાદનો પ્રતિવાદક ધર્મ છે. આથી દરેક સમસ્યાનો અનેકાંત દૃષ્ટિએ ઉકેલ શોધવા પ્રયત્ન કરવો જોઈએ. કોઈપણ હિંસક પ્રવૃત્તિ થતી હોય ત્યાં પ્રત્યક્ષ રીતે તેમાં શામેલ ન હોય, પરોક્ષ રીતે હોય અર્થાત્ સ્વયં હિંસા આચરવામાં ન આવતી હોય, પણ હિંસાચારને સમર્થન આપવામાં આવતું હોય ત્યાં પાપકર્મ તો થવાનું જ. તેનું પ્રત્યક્ષ જાણીતું ઉદાહરણ છે હિટલર- હિટલર વિશ્વયુદ્ધની ભયંકર જ્વાળામાં સંસારને ઘસડી જનારો શાસક છે. કહેવાય છે કે વિશ્વયુદ્ધ દરમ્યાન પોતે એક પણ ગોળી ચલાવી નથી, શસ્ત્ર પણ હાથમાં પકડ્યું નથી, પોતાના હાથે એક પણ સૈનિક માર્યો નથી, ઘાયલ કર્યો નથી. તેના આદેશ, સૂચન અને સલાહથી તેની સેના, તેનું લશ્કર લડ્યું. લડાઈમાં અનેક મરાયાં, ઘવાયાં, લોહીની નદીઓ વહી. હિંસાનું સામ્રાજ્ય સ્થપાયું. હિટલરે સ્વયં પોતે હિંસામાં ભાગ ન લીધો તો આ માનવસંહારનું પાપ તેને સિરે હતું કે નહીં ? હિટલર એમ જણાવે કે હું લડાઈના મેદાનમાં ગયો નથી, ગોળી ચલાવી નથી, લડાઈ કરી નથી તો પછી આ પાપ મારા સિરે નહીં. પણ ના એમ ન બને. એકવાત સ્પષ્ટ જ છે કે હિંસા અને તજ્જન્ય પાપની ન્યૂનાધિકતા ભાવના પર અને વિવેકશક્તિ પર આધારિત છે. અહિંસા માટે કોઈ બાહ્ય માપ-દંડ નિશ્ચિત થઈ શકતું નથી.

આ પ્રશ્ન છે હિંસાના સમર્થનનો. ક્યારેક માનવી પોતે હિંસા કરતો નથી, કરાવતો નથી, અનુમોદના પણ આપતો નથી તેનું સમર્થન કરે ત્યારે... ? ક્યારેક કોઈક લડાઈ, ઝઘડો ચાલુ હોય. બંન્ને પક્ષો ઉગ્ર રીતે લડી રહ્યાં હોય ત્યારે ત્રીજો જે માત્ર દર્શક જ છે, તેને ઝઘડા સાથે કોઈ સંબંધ નથી છતાં ઊભો રહી જોતો હોય અને તે ત્યાં ઉત્સાહિત થઈ પ્રશંસા કરે, મનોમન આજે વગર પૈસે તમાશો જોવા મળ્યો માની ખુશ થાય. સારું થયું, 'પેલાને વાગ્યું એ તો એ જ લાગનો હતો, હજી વધુ વાગવું જોઈએ અને બીજું કાંઈને કાંઈ.... ત્યારે તે દર્શકે વગર મતલબે વ્યર્થ રીતે બીજાની વાતમાં પોતાના મનને કલુષિત કરી નાખ્યું. લડવાવાળા બંન્નેના મનમાં શું ભાવના હશે એ તો એ બે જાણે પણ દર્શકે પોતાના મનને કલુષિત કર્યું.

વિવેક દ્વારા પાપ પ્રવાહથી બચી શકાય છે. જ્યાં અવિવેક છે, અજ્ઞાન છે, મતાગ્રહ છે, હઠાગ્રહ છે ત્યાં વિશેષ પાપની પ્રધાનતા રહેલી છે.

આથી જ ભગવાન મહાવીરે કહ્યું છે, **'પ્રત્યેક ક્ષણ જાગૃત રહો. જાગૃતિએ જ જીવન છે.**

અહીંયા એક પ્રશ્ન ઉદ્ભવે - એક વ્યક્તિ છે જે પૂર્ણરૂપે અહિંસાની સાધક છે. માનોકે અહિંસાનો સાધક રાજા છે, રાજ્યની સંપૂર્ણ જવાબદારી તેને શિરે છે. રાજ્યનો સુવ્યવસ્થિત વિસ્તાર, રાજ્યપાલન, પ્રજાનું રક્ષણ જેવી અનેકવિધ જવાબદારીઓ તે યોગ્ય-ઉચિત રીતે વહન કરે છે. કોઈ એકવાર અત્યાચારી, વિદેશી કે દેશી રાજા તેના પર આક્રમણાર્થે આવી ચઢે છે ત્યારે અહિંસક રાજા શું કરશે ? અહિંસાની સાધના કરતાં તેનો સામનો નહીં કરે તો તે આક્રમક તેના દેશને લૂંટશે, પ્રજાને પીડશે. દેશની સંસ્કૃતિ, સભ્યતા નષ્ટ કરશે. કાંઈક ઊથલપાથલ કરશે ત્યારે અહિંસક રાજા જેના પર પ્રજાની રક્ષાની જવાબદારી છે તે શું કરે ? આ સમયે એનું કર્તવ્ય શું હોઈ શકે ? દેશની સુરક્ષા માટે તે આક્રમણકારનો મુકાબલો કરશે કે નહીં ? જો આક્રમણકાર સામો થાય તો યુદ્ધ કરવું પડે અને અહિંસક બની રહે તો તેના ચરણમાં આત્મ સમર્પણ કરવું પડે, અન્યાય સામે ઝુકવું પડે. આવી પરિસ્થિતિમાં લડવું એ શું હિંસા નથી ? શું તે કાયરતા નથી ? પોતે સ્વયં અન્યાય કરવો એ પાપ તો છે જ. પરંતુ અન્યાય સહન કરવો, તેના ચરણમાં ઝુકવું એ તો એથી મોટું પાપ છે. તો આવા સમયે તે અહિંસક સાધક રાજા એ પોતાના મનમાં દ્વેષવૃત્તિ, ઝેર-વેરની ભાવના રાખ્યા વગર પોતાના દેશની સુરક્ષાર્થે, પોતાની પ્રજાના કલ્યાણાર્થે તેનો સામનો તો કરવો જ પડશે. જો તે પ્રતિરોધ કરનારના હૃદયમાં પોતાના સામ્રાજ્ય વૃદ્ધિ કરવાની ભાવના છે તે ભાવના હિંસામૂલક છે. પરંતુ તેના મનમાં સામ્રાજ્ય વૃદ્ધિની ભાવના ન હોવી જોઈએ. દેશના કલ્યાણાર્થે લડાઈ કરવી પડે તો પણ તે રાષ્ટ્રીય કર્તવ્ય છે. જો પરસ્પર શાંત-સુલેહ સ્થપાય તો સર્વોત્તમ છે.

પરંતુ એકવાત નિશ્ચિત છે કે જે સાધકને પૂર્ણ અહિંસાની સાધના કરવી હોય એણે ત્રણે પ્રકારની હિંસાને અંકુશિત કરવી જોઈએ.

જે પોતે પીડાને જાણે છે, અનુભવે છે તે બીજાની પીડાને પણ જાણી શકે છે, સમજી શકે છે. 'अज्झत्थ जाणइ से बहिया जाणई एवं तुल्ल मनसिं=અર્થાત્ જે પોતાની પીડાને જાણે છે તે તુલ્યતા બોધને આધારે બીજાની પીડાને જાણી શકે છે' અહિંસાનો આધાર આત્મસંવેદનાને આધારિત છે. સૂત્રકારોએ અહિંસાના આ સિદ્ધાંતને વિશેષ તલસ્પર્શી કરતાં કહ્યું છે કે, **'જેને તું મારવા ઇચ્છે છે, પીડા આપવા ઇચ્છે છે, સતાવવા ઇચ્છે છે તે તું જ છે.** આગળ જતાં કહે છે કે જે લોકને અપલાપ કરે છે તે સ્વયં પોતાના આત્માને અપલાપ કરે છે. જ્યારે માનવમાં અન્ય પ્રાણી પ્રત્યે આત્મીયદષ્ટિ-મારાપણાંની ભાવના જાગૃત થાય છે ત્યારે અહિંસા સ્થાપિત થાય છે.

**જીવનનું સમગ્ર સ્વરૂપ અહિંસા :-**

માનવના ચેતનામય જીવનનો મૂળ આધાર અહિંસા છે. જો એ આધાર તૂટી જાય તો જીવન ખંડિત થશે અને માનવતા મૂર્છિત થશે. વ્યક્તિથી પરિવાર, પરિવારથી સમાજ, સમાજથી રાષ્ટ્ર અને રાષ્ટ્રથી વિશ્વબંધુત્વની ભાવના વિકસેલી છે, તેનું મૂળ અહિંસાની ભાવના છે. માનવ સભ્યતાના સાંસ્કૃતિક વાતાવરણમાં એક અહિંસા જ મધુર, સરસ, સુખમય અને સનાતન છે. એથી જ વિશ્વના દરેક ધર્મોમાં એક યા બીજા સ્વરૂપે અહિંસાના ગૌરવનો સ્વીકાર થયેલો છે.

જૈનધર્મમાં અહિંસાને વિશિષ્ટ સ્થાન છે. માનવની પ્રત્યેક સાધનામાં અહિંસાનું એક એવું મધુર સંગીત વહેતું રહે છે કે જે માનવને આનંદવિભોર કરી મુકે છે. જૈનધર્મ અહિંસાપ્રધાન ધર્મ છે, કારણ કે અહિંસાના આવિષ્કારથી જીવનમાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહની ભાવના ઉત્પન્ન થાય છે. જીવનના પ્રત્યેક ઉચ્ચ આદર્શનું મૂળભૂત સાધન અહિંસા છે. આધ્યાત્મિક સાધનાની આચાર-ભૂમિ અહિંસા છે. અહિંસાના આધારને અભાવે અધ્યાત્મવાદનો મહેલ પાનાના મહેલ જેવો સાબિત થાય છે જે ક્ષણમાત્રમાં પળના ઝાપટાંમાત્રથી પડી જાય.

અહિંસા ભાવનાની ઉત્પત્તિ મનના વિવેક અને જીવનના વિવેકને આધારિત છે. તેથી જ રસ્તા પર ચાલતા દીન-દુઃખી, પીડાતાં પ્રાણીને

જોતા જ મનમાં કરુણા, સહાનુભૂતિની ભાવના ઉત્પન્ન થાય છે કારણ કે પ્રત્યેક માનવના હૃદયમાં કુદરતી રીતે જ દયા રહેલી છે. કોઈ ક્રૂર મનુષ્યનું હૃદય તપાસવામાં આવે તો પણ ત્યાં દયા-કરુણાનો સ્રોત વહેતો જણાશે. દૃષ્ટાંતરૂપે જો કોઈ એક કસાઈ કે જેનો મૂળધંધો-સ્વભાવ હિંસાનો છે, તે અનેક જીવોને મારે છે, હત્યા કરે છે તે પણ જો ક્યાંક એમજ ચાલ્યો જતો હોય અને રસ્તામાં કોઈ ચોપગું પ્રાણી ગાય-કુતરા-ઘોડા જેવું દુઃખી થતું હશે, તડપતું હશે, બે પ્રાણીઓ ઝઘડતા હશે, સબળ નિર્બળને હેરાન કરતું-ત્રાસ આપતું હશે ત્યારે તે ક્રૂર લેખાતો કસાઈ પીડિત, દુઃખીની મદદે પહોંચશે અને નિર્બળ-દુર્બળ પ્રાણીને બચાવવાનો પ્રયત્ન કરશે કારણ કે તેના હૃદયમાં પણ કુદરતી કરુણા-દયા-અહિંસા વસેલી છે. આમ અહિંસા એ તો માનવમાત્ર-પ્રાણીમાત્રને કુદરત તરફથી મળેલી અનોખી-અનુપમ ભેટ છે.

**અહિંસા - ભગવતી સ્વરૂપ :**

અહિંસાનું સ્થાન ઈશ્વરથી ઓછું નથી. ભગવાન મહાવીરે અહિંસાને ભગવતી નામ આપ્યું. કારણ માનવ હૃદયમાં જેટલી શ્રદ્ધા ભગવાન પ્રત્યે હોય છે તેટલી જ અહિંસા પ્રત્યે હોવી જોઈએ. નિશ્ચય સ્વરૂપે અહિંસા પૂજાની ચીજ છે અને શ્રદ્ધા તેનું કેન્દ્ર છે. ભગવાન આપણી જ અંદર બિરાજમાન છે, તેને બીજે ક્યાંક શોધવાની જરૂર નથી. પરંતુ ભગવાનનું તે સ્વરૂપ હિંસાના કાળાં પડદાં પાછળ છુપાઈ ગયેલું છે. જો અહિંસાની સ્થાપના દ્વારા તેને દુર કરવામાં આવે તો ભગવાનનાં દર્શન સ્વમાં જ સંભવિત બને છે.

આ સંસારમાં પ્રલોભનો અનેક છે. વિકાર-વાસના, વિષયાસક્તિથી કુદરત પ્રાપ્ત અહિંસા પર હિંસા, વાસના, પ્રલોભનોનો પડદો પડેલો છે. જો તે વિષય-વાસનાને અંકુશિત કરવામાં આવે તો તે પડદો દુર થતાં અહિંસા આપોઆપ આત્મસાત્ થાય છે. તેને માટે મનને અંકુશિત કરી સાધના કરવી પડે, અતિમનસ્ જગત તરફ ડગ માંડવા પડે જેથી તે આપોઆપ પ્રાપ્ત થશે. અહિંસા આત્મસાત્ કરવા બાહ્ય સંઘર્ષની જરૂર નથી. જરૂર છે આંતરસંઘર્ષની, વિષયો-કષાયોને અંકુશિત કરવાની. જો એ શક્ય બને તો

પછી જીવનના પ્રત્યેક રાહ પર અહિંસાનો આદર્શ સ્થાપિત થશે.

શ્રી અરવિંદ ઘોષે અતિમનસ્ જગતના સંબંધે અત્યંત સૂક્ષ્મ વિવેચન કર્યું છે. તેઓ યોગના બળે અતિમનસ્‌ની સાધના કરી ધરતી પર એક એવી પાવન અને સ્વર્ગમય ધરતીની કલ્પના કરે છે જ્યાં દુઃખ, દીનતા, યુદ્ધ, હરીફાઈ, સંકીર્ણતા, સાંપ્રદાયિકતા નહીં હોય. તેમણે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે આ ધરતી પર બધું જ સંભવિત છે, જો માનવ તેના મનને નિયંત્રિત, અંકુશિત કરી શકે તો.

આચાર્ય સામન્તભદ્રે જણાવ્યું છે કે આત્માનું સંશોધન કરનાર સાધક માટે અહિંસા પરબ્રહ્મ છે. અહિંસા જ પરમાત્મા છે અને અહિંસા જ પરમેશ્વર છે.

ભગવાન અનંત છે, અસીમ છે અને અપરિમિત છે. જો અહિંસા ભગવાન છે તો તે પણ અનંત છે, અસીમ છે અને અપરિમિત છે. આથી તેને શબ્દોની ભાષામાં બાંધવી, વર્ણવવી અતિકઠિન, અશક્ય છે. શબ્દો તેની પાસે દુર્બળ, કમજોર છે જ્યારે અહિંસા પોતે વ્યાપક ચીજ છે. આથી અહિંસાને શબ્દાર્થ કરવાની ક્ષમતા શબ્દોમાં નથી. અહિંસાની સંપૂર્ણ પરિભાષા તે પોતે પોતાનામાં જ વહન કરે છે. અહિંસાનું તત્ત્વ અતિસૂક્ષ્મ છે. આથી તેના વિવેચનમાં સંતુલિત દ્રષ્ટિ કેળવવી જરૂરી છે. તેના સ્થૂળ અને સૂક્ષ્મ બંને રૂપો પર ચિંતન કરવું આવશ્યક છે. જૈનધર્મમાં હિંસાના એક નહીં, અનેક નહીં, અસંખ્ય નહીં પરંતુ અનંત ભેદ ગણાવ્યાં છે. સમુદ્રના કિનારે ઊભા રહી સમુદ્રની લહેરો ગણવી અસંભવ છે તેવી રીતે સંસાર પણ અથાહ સમુદ્ર જેમ ફેલાયેલો છે. તેમાં એક છેડે ઊભા રહી હિંસા વિષે વિચાર કરતાં તેને પૂર્ણ સ્વરૂપે પામી શકાશે નહીં. માનવ મનના વિચારોની લહેરોને પોતે પામી શકે છે ખરો? તેવું જ હિંસાના ભેદનું છે.

આત્મા સાથે જ્યારે હિંસાનું બંધન થાય છે ત્યારે આત્મામાં કંપન ઉત્પન્ન થાય છે, હલચલ મચે છે અને તેની સાથે ક્રોધ, માન, માયા, લોભ, અહંકાર જેવા સંસ્કારો જાગૃત થાય છે. જ્યારે આત્માનાં આવા સંસ્કારો નાશ પામશે ત્યારે હલચલ, કંપન અટકી જશે. મન, વાણી અને શરીર સ્થિર (કંપન હીન) થતાં આત્મા પણ સ્થિર થશે પરંતુ આ સ્થિતિ હાલ

અશક્ય છે. મનના તરંગો સ્થિર થવા મુશ્કેલ છે. તેવી જ રીતે હિંસાના ભેદો પણ ગણવા અસંભવ છે.

**અહિંસા અને અધ્યાત્મ :**

અહિંસા એક આધ્યાત્મિક આદર્શ છે અને આધ્યાત્મિક સ્તર પર જ એની ઉપલબ્ધિ સંભવિત છે પરંતુ વ્યક્તિનું વર્તમાન જીવન અધ્યાત્મ અને ભૌતિકતાનું એક સંમિશ્રણ છે. જીવનના આધ્યાત્મિક સ્તર પર અહિંસા સંભવિત છે પરંતુ ભૌતિક સ્તર પર પૂર્ણ અહિંસાની કલ્પના યોગ્ય નથી. અહિંસક જીવનની સંભાવના ભૌતિક સ્તરથી જેમ ઉપર તરફ ગતિ, અધ્યાત્મ તરફ ગતિ થાય તેમ વિકસિત થાય છે. વ્યક્તિ જેમ જેમ ભૌતિકતાથી ઉપરને ઉપર અધ્યાત્મ તરફ ગતિ કરે તેમ અહિંસક જીવન પૂર્ણતાની દિશામાં ગતિ-વૃદ્ધિ કરે છે આથી જૈન વિચારણામાં અહિંસાની દિશામાં આગળ વધવા કેટલાંક સ્તરો નિર્ધારિત કરવામાં આવ્યાં છે.

હિંસા પર વિજય પ્રાપ્ત કરવાં જે પણ કરવું પડે તે કરવા તત્પર રહેવું જરૂરી છે અને ત્યાંથી જ તપનો, તપશ્ચર્યાનો વિકાસ થયેલો છે. કષાયોનું શમન કર્યા વગર, ઇંદ્રિયનિગ્રહ વગર, અહિંસા જીવનમાં પ્રવેશી નથી. પરિગ્રહની લાલસા, રસેન્દ્રિય પરની આસક્તિ, વિષય-વાસના જ હિંસાને આમંત્રે છે. મમતા-મોહ-દ્વેષને સ્થાને સમતા, વિરક્તિ, પ્રેમના અંશ જાગૃત થાય, તેનું સામ્રાજ્ય સ્થાપિત થાય તો આપોઆપ અહિંસાનું પ્રતિષ્ઠાન થાય.

દેહધારી સાધક માટે પૂર્ણતયા અહિંસાનો આદર્શ ઉપલબ્ધ નથી. પરંતુ એ દિશામાં જો ક્રમશઃ આગળ વધતાં રહીએ તો કોઈક ક્ષણે જીવનની પૂર્ણતા સાથે અહિંસાનો આદર્શ પણ પામી શકીએ, અંશતઃ પણ અહિંસાના આદર્શને સાકાર કરી શકીએ. જૈનધર્મની પારિભાષિક શબ્દાવલીમાં પાદોપગમન સંથારો એવં ચૌદમા અયોગી કેવલી ગુણસ્થાનની અવસ્થા એવી છે જ્યાં પૂર્ણ અહિંસાનો આદર્શ સાકાર થઈ શકે.

માનવી પ્રકૃતિથી દયાવાન, કરુણારસિક છે. એનામાં નિસર્ગદત્ત કરુણાનો સ્તોત્ર વહેતો રહે છે. લિયો ટોલ્સરૉય એકવાર કતલખાનું જોવા ગયાં અને તેમણે કતલખાનાનું જે વર્ણન કર્યું છે તે એટલું ભયંકર,

કમકમાટીભર્યું છે કે પુરું વાંચવું પણ શક્ય ન બને. પ્રાણીઓની હત્યાની પ્રક્રિયા દરમ્યાન પ્રાણીઓને જે કષ્ટ, પીડા, યાતનાઓ ભોગવવી પડે છે તે એટલી સવિશેષ છે કે નજર પણ આંધળી થઈ જાય. સભાન માનવી બેભાન બની-કતલખાનાની જે પ્રવૃત્તિઓ ચલાવે, હિંસાનું સામ્રાજ્ય સ્થાપે છે ત્યારે વિશેષ આશ્ચર્ય તો એ જ થાય કે મનુષ્ય તો પ્રકૃતિથી-નિસર્ગદત્ત કરુણારસિક, દયામયી છે તો પછી તે આ ભાવથી ઉપરવટ થઈ, માનવમાંથી દાનવ બની, પોતાની સદ્ભાવનાને કચડી-મચડીને, દાબી-દુબીને દુર્ભાવના ઉત્પન્ન કરી જે કતલખાનાની પ્રવૃત્તિ ચાલુ રાખે છે તે પીડાજનક, આશ્ચર્યજનક ભાસે છે.

એના પરથી એટલું તારણ તારવી શકાય કે દયા-કરુણા-અહિંસાની ભાવના માનવમાં પ્રકૃતિદત્ત છે જ્યારે હિંસાની ભાવનાને માનવે પોતે પોતાની લાગણીઓને કચડીને, દબાવીને ઉભી કરવી પડે છે, કેળવવી પડે છે. IT has to be induced and cultivated. સંવેદનોને કુંઠિત કર્યા વિના હિંસા આચરી શકાતી નથી.

**માનવ-માનવ કે દાનવ ?**

આજે માનવજાત સમક્ષ મોટો પ્રશ્ન છે તેના અસ્તિત્વનો. તેણે જન્મ માનવ તરીકે ધારણ કર્યો છે તો હવે તેણે માનવ રહેવું છે કે દાનવ બનવું છે ? પ્રશ્ન જરા વિચિત્ર-અટપટો ભાસે... લાગે કે માનવ માનવ તો છે જ તો પછી દાનવ બનવાનો પ્રશ્ન જ ક્યાંથી ઉપસ્થિત થશે ? અહીં માનવ અને દાનવનો ભેદ જાતિ, શરીરથી નહીં પરંતુ આંતરિકવૃત્તિઓથી છે, તેનાથી આચરવામાં આવતી ક્રિયાઓ દ્વારા સમજવાનો છે.

હિંસાની ભાવના- રાક્ષસી ભાવના છે. બાહ્ય દૃષ્ટિએ મનુષ્ય દેખાતો માનવ દાનવ-રાક્ષસ બની શકે તેની આંતરિક ભાવનાને કારણે. માનવતા એક પવિત્ર-પાવન ચીજ છે. મનુષ્યથી શ્રેષ્ઠ આ દુનિયામાં કોઈ નથી એ તો નિર્વિવાદ હકીકત છે. કારણ શાસ્ત્રમાં પણ જણાવ્યું છે કે **'देवेभ्योऽप्यतिरिच्यते मानवो जन्म'** અર્થાત્ દેવતાઓ કરતાં પણ માનવ જન્મ ઊંચો છે. અધિક છે. સમસ્ત સૃષ્ટિનું કેન્દ્ર-બિંદુ માનવ છે. આ માનવે ક્યારેક દાનવી કાર્ય કર્યુ છે. હિંસા-પશુવધ-પશુબલિને ધર્મનું સ્વરૂપ

આપવામાં આવ્યું છે. અધર્મને ધર્મના વાઘા પહેરાવીને તેનું પ્રાધાન્ય સ્થાપિત કરવામાં આવ્યું છે. મનુષ્યનો કુદરતી ધર્મ અહિંસા હોવા છતાં કેટલીયેવાર બલિદાન નિમિત્તે, યજ્ઞ નિમિત્તે, શિકાર નિમિત્તે, માંસાહાર નિમિત્તે જીવહિંસા થાય છે. આવા કુકર્મ દ્વારા ભગવાનની, માતાજીની પ્રીતિ-કૃપા મેળવવાનો જે ઠાલો, વ્યર્થ પ્રયાસ છે તે જ માનવનું દાનવી-રાક્ષસી સ્વરૂપ છે. ભગવાન, દેવીમાતા જગતના તમામ પ્રાણીઓના માતા-પિતા, જીવનદાતા છે. તેમનો ભાવ જગતના સમસ્ત પ્રાણીઓ (માનવ-પશુ-પક્ષી વગેરે) પ્રત્યે સમાન-એકસરખો પુત્રવત્ હોય છે તે આવા ક્રુર, હિંસક, તુચ્છ કાર્યને માન્ય રાખી, સંતુષ્ટ થઈ યજ્ઞ-યાજ્ઞાદિ કરનારની ઇચ્છાપૂર્તિ કરી શકે ખરા ?

કેટલાક અજ્ઞાન, અબુધ માનવ પોતાનો લાડકવાયો દીકરો માંદો પડે ત્યારે માનતા રાખે કે, 'હે માતા' જગદંબા મારો પુત્ર સાજો નરવો, હેમખેમ થઈ જશે તો એક બકરો ચઢાવીશ વગેરે...' અને આયુષ્યની પ્રબળતા કે પુણ્યોદયને કારણે દીકરો સાજો થાય તો બકરાનો ક્રૂરતાપૂર્વક વધ કરી તેનું બલિદાન જગદંબા-માતાને ચઢાવે તો આ બાધાનો અર્થ શો ? આટલો જ ને...

माता पासे बेटा मांगे, कर बकरे का साटा ।
अपना पूता खिलावन चाहे पूत दूजे का काटा ॥

બકરા બદલે બેટો... બીજાના બેટાં (બકરીનું બચ્ચું)ને કાપી પોતાનો પુત્ર હેમખેમ રાખવો, આ કેવું હળાહળ અન્યાયી, કુકર્મ કહેવાય ? આ જ છે માનવનું રાક્ષસી-દાનવી સ્વરૂપ.

માનવના મનમાં રામ અને રાવણની વૃત્તિઓ પડેલી છે જે માનવને માનવ બનાવે, જેની માનવતા મહેંકે જ્યાં મોહ, માયા, લોભ, અહંકાર, સ્વાર્થ જેવી ક્ષુદ્ર-તુચ્છ ભાવનાને સ્થાને વિરક્તિ, ક્ષમા, નિઃસ્વાર્થભાવ, સૌજન્ય, સહાનુભૂતિ વસે છે તે રામનું પ્રતિક છે. તેથી ઊલટું જે મનમાં મોહ, માયા, લોભ, સ્વાર્થ, ક્રોધ, અહંકાર હોય છે. જ્યાં ઘૃણા, ક્રુરતા, અસહિષ્ણુતા વ્યાપેલી છે તે રાવણનું પ્રતિક છે. એક ધારા-રામધારા જે પવિત્ર, નિર્મળ, આકર્ષક છે અને બીજી ધારા-રાવણધારા જે મલિન, કુત્સિત અને બીભત્સ છે. હવે તો માનવે પોતે જ સંકલ્પ કરવાનો છે રામ કે

રાવણનો ?

અહિંસાની અમૃતગંગાનો પાવન સ્રોત પોતાનામાં જ છે. તે જૈન ધર્મની આગવી શોધ છે. અને તે પાવનધારા-અહિંસા અને સત્યની ગંગા આપણી નસે નસમાં પ્રવાહિત છે. માનવે પોતાનામાં વહેતી ગંગાની શક્તિને જાગૃત કરી તેમાં પવિત્ર સ્નાન કરવાનું છે જેથી માનવજીવન સાર્થક થાય. જીવનને પવિત્ર કરવા માટે અહિંસા એક જીવન ગંગા છે જેમાં અવગાહન કર્યા પછી માનવતાનો સંપૂર્ણ વિકાસ થાય છે. આજના માનવનાં સુંદર દેખાતાં ચહેરા પર જે દંભ, ડોળ, સ્વાર્થ, શોષણ વગેરે રૂપી જે મહોરું, નકાબ છે તે આ ગંગાના સ્નાન પછી આપોઆપ તૂટે છે, ફાટે છે અને માનવ યથાર્થ રૂપે માનવ બની સંસાર સાગર પાર કરી શકે છે.

**જૈન પરંપરામાં અહિંસાનો અર્થવિસ્તાર :-**

સંભવતઃ વિશ્વસાહિત્યમાં ઉપલબ્ધ પ્રાચીનતમ જૈનગ્રંથ આચારાંગ એવો છે જેમાં અહિંસાને સર્વાધિક અર્થવિસ્તાર સાથે વર્ણવવામાં આવી છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયું, વનસ્પતિ અને ત્રસ પ્રાણીરૂપ ષટ્જીવનિકાયની હિંસાનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે. તેનો પ્રથમ અધ્યાય શસ્ત્રપરિજ્ઞા છે. તે તેના નામને અનુરૂપ હિંસાના કારણ અને સાધનોનો વિવેક કરાવે છે. હિંસા-અહિંસાના વિવેક સંબંધિત ષટ્જીવનિકાયની અવધારણા આચારાંગની પોતાની વિશેષતા છે જે પરવર્તી સંપૂર્ણ જૈન સાહિત્યમાં સ્વીકૃત રહી છે. આચારાંગમાં માત્ર અહિંસાની અવધારણાનો અર્થ વિસ્તાર જ નથી પરંતુ તેને વિશેષરૂપે ઊંડો અને મનોવૈજ્ઞાનિક બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આચારાંગમાં ધર્મની બે મુખ્યવ્યાખ્યાઓ મળી આવે છે.

(૧) **सेमियाए धम्मे आरियेहिं पवेइए-** ૧/૮/૩, આર્યજનોએ સમભાવને ધર્મ કહ્યો છે.

(૨) **सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा**
**ए स धम्मे सुद्धे, निइए सासए**
**समिच्च लोयं खेयम्मेहिं पवेइए- १/४१**

કોઈપણ પ્રાણી, જીવ અને સત્ત્વની હિંસા ન કરો તે જ શુદ્ધ, નિત્ય અને શાશ્વતધર્મ છે. જેનો ઉપદેશ સમસ્ત લોકની પીડા જાણીને કરવામાં આવ્યો છે.

આ બંને વ્યાખ્યાઓ ભિન્ન દૃષ્ટિકોણ પર આધારિત છે. સમભાવરૂપે ધર્મની પરિભાષા સમાજ નિરપેક્ષ વ્યક્તિગત ધર્મની પરિભાષા છે. કારણ સમભાવ સૈદ્ધાંતિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પોતાના સ્વ સ્વભાવનો પરિચાયક છે.

અહિંસા એક વ્યવહારિક અને સમાજ સાપેક્ષ ધર્મ છે. કારણ તે લોકોની, સમાજની પીડાના નિવારણાર્થે છે. અહિંસા સમભાવની સાધનાની બાહ્ય અભિવ્યક્તિ છે. સમભાવ અહિંસાનો સાર તત્ત્વ છે, અહિંસાની આધારભૂમિ છે. અહિંસાને આર્હત્ પ્રવચ્ચનનો સાર અને શુદ્ધ એવં શાશ્વત ધર્મરૂપે દર્શાવ્યી છે.

આયારો, ૫/૧૦૧માં કહ્યું છે,

**'જેને તું મારવા ઇચ્છે છે, તે તું જ છે.**
**જેના પર તું શાસન કરવા ઇચ્છે છે, તે તું જ છે.**
**જેને તું દાસ બનાવવા ઇચ્છે છે, તે તું જ છે.....**વગેરે....

પોતાની હિંસા કોઈ ઇચ્છતું નથી.જો કોઈ આત્મા મારાથી ભિન્ન નથી તો હું કોને મારીશ ? અસ્તિત્વની ભૂમિકા પર આ અભેદાનુભૂતિ છે, આ જ છે અહિંસા. આત્મા જ હિંસા છે અને આત્મા જ અહિંસા છે. આત્મા- આત્માની વચ્ચે અભેદાનુભૂતિ છે, તે અહિંસા છે. ભગવાન મહાવીરે પોતાના ઉપદેશ દ્વારા સમજાવ્યું કે સમસ્ત વિશ્વમાં પ્રવર્તમાન દરેક આત્મામાં સમાન ચેતના છે. દરેક આત્મા સમાનરૂપે સુખ મેળવવા ઝંખે છે. માટે સૃષ્ટિના પ્રત્યેક પ્રાણીને નિજાત્મા-પોતાના આત્મા જેમ સમજવો-માનવો જોઈએ. જે કાર્યથી, વાતથી, વર્તનથી પોતાને દુઃખ, હાનિ કે ગ્લાનિ થાય છે તે કાર્ય કે વર્તન અન્ય તરફ પણ ન થાય. જ્યારે સ્વઆત્મા અને પરઆત્મા વચ્ચેનું અંતર નાશ પામશે ત્યારે અહિંસાની સાધના સફળ થશે, સાર્થક થશે. નહીંતર અહિંસા શબ્દ માત્ર દંભ-આડંબર, બાહ્ય મહોરું

બની રહેશે. વ્યક્તિત્વની ભિન્નતા હોવા છતાં બંન્નેનાં એક ધર્મ સમાન છે, તે છે દુઃખની અપ્રિયતા, આ રહ્યું તેનું ઉદાહરણ.

જૂના જમાનામાં પંચાયત સમાજની પ્રભાવી સંસ્થા હતી. પંચનો ફેસલો ન્યાયાધીશનું કામ કરતો. બે ભાઈઓ વચ્ચે મિલકતના મુદ્દે ઝઘડો થયો. મામલો ન્યાય માટે પંચ પાસે ગયો. મોટાભાઈને આરોપી ઠેરવવામાં આવ્યો. પરંતુ મોટોભાઈ પોતે આરોપ સ્વીકારવા તૈયાર ન હતો. પંચનો ન્યાય ધર્મન્યાય-સર્વમાન્ય ગણાય. તે સમયની પ્રણાલી મુજબ તવો ગરમ કરીને નિર્ણય કરવાનું નક્કી થયું. ગરમ તવો આરોપીના હાથ પર મૂકવામાં આવે. જો તેનો હાથ બળે નહિ તો તે આરોપથી મુક્ત અને હાથ બળે તો આરોપ સાચો.

નિશ્ચિત દિવસે તવો ગરમ કરવામાં આવ્યો. પંચમાંના એકે સાણસીથી તવો પકડીને આરોપીના હાથ પર મુકવા માંડ્યો કે તરત આરોપીએ હાથ ખેંચી લીધો. પંચે તેમ ન કરવા સમજાવ્યો અને ન માને તો પોતે આરોપી છે તેમ નક્કી થશે તેવો નિર્ણય જાહેર કર્યો, ત્યારે મોટાભાઈએ ખુબ સ્વસ્થતાથી કહ્યું, 'પંચમહાશય ! પંચનો હાથ તે મારો હાથ. પંચની સાણસી તે મારી સાણસી. પંચમહાશય આપ ગુનેગાર નથી. આપ નિર્દોષ-સાચા છો. આપ આ તવો હાથથી ઉપાડીને આપો. મારો હાથ આને લેવા તૈયાર છે.'

આ સમાનતાના સૂત્રે પંચના નિર્ણયનો માર્ગ બદલી નાંખ્યો. પંચ ચુપચાપ પોતાના આસને બેસી ગયું. અહીંયા સ્વ-આત્મા અને પર-આત્મા વચ્ચેનું અંતર નાશ પામ્યું અને ઉત્પન્ન થયું સમાનતાનું સૂત્ર. મહાવીરના આ સમાનતાના સૂત્રે જ હજારો-હજારો- માણસોને જાગૃત કર્યા. તેથી જ તેમણે કહ્યું, **'અહિંસાનો સંદેશ સર્વજીવ હિતાય છે'** આથી આને સર્વત્ર પહોંચાડો.

**અહિંસા અને આત્મા :**

ભગવાન મહાવીરે કહ્યું છે- અહિંસાની કસોટી છે વ્યક્તિ પોતે. જીવન જીવવા માટેનો જે અધિકાર પોતે ભોગવે છે તે બીજાને પણ તેવો,

તેટલો અને તેમજ આપો. જો તે પોતા જેવો અધિકાર બીજાને ન આપી શકે તો તેને જીવવાનો અધિકાર કેવો ?

અધર્મી, વિષયાસક્ત માનવી વિચારે, 'मेरी लगीसो तो दिलमें और दूसरों के लगी सो दीवार में' આવો વહેવારવર્તન માનવને અહિંસાધર્મથી દુર ખસેડી જાય છે.

કોઈએકવાર ગૌતમે ભગવાન મહાવીરને પુછ્યું, 'પ્રભુ ! તમે હિંસા કેમ છોડી દીધી અને અહિંસાનો પથ ગ્રહણ કર્યો ? અનેક કષ્ટ, આપત્તિ, પીડાયુક્ત માર્ગ પર ચાલવાનું પસંદ કેમ કર્યું ?'

ત્યારે ભગવાને પ્રત્યુત્તર આપ્યો, 'ગૌતમ ! દરેક પ્રાણીમાત્રને મનમાં પોતાના જીવન પ્રત્યે આદર અને આકાંક્ષા હોય છે. દરેક પોતાની સાનુકૂળતાઓ-સગવડો માટે પ્રયત્નશીલ રહે છે. દરેકે પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સંઘર્ષ કરવો પડે છે. આથી જેવો હું છું તેવા જ બધા પ્રાણીઓ છે માની મેં હિંસાનો ત્યાગ કર્યો. અને અન્યને કષ્ટ આપવાનું છોડી દીધું. પોતે જો દુઃખી થવાનું, હેરાન થવાનું પસંદ કરે તો જ અન્યને કરી શકાય. દરેક જીવ સુખી થવા ઈચ્છે છે અને દુઃખથી દુર ભાગે છે આથી મેં અહિંસાને પરમ ધર્મ માની તેનો સ્વીકાર કર્યો અને તેને સાર્વભૌમિક ધર્મ તરીકે અપનાવ્યો.'

આ રીતે અહિંસાની સાચી કસોટી પોતાનો આત્મા છે. ધર્મ અને અધર્મ, પાપ અને પુણ્ય એ બધું જ પોતાના આત્મા સંબંધિત ભિન્ન ભિન્ન બાજુઓ છે. ક્યારેક એવું પણ બને કે જેને આપણે ધર્મ માનીએ તેને બીજા અધર્મ માને અને બીજા જેને ધર્મ માને તેને આપણે અધર્મ માનીએ. જેને આપણે પુણ્ય કહીએ તેને બીજા પાપ કહે અને જેને આપણે પાપ કહીએ તેને બીજા પુણ્ય કહે. પરંતુ આ પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, સારાં-ખરાબની સાચી કસોટી પોતાનો આત્મા છે. વિશ્વમાં કેટકેટલાયે સમાજ છે, ધર્મ છે, સમસ્યા છે, પ્રશ્નો છે, સંબંધો છે. આ બધા સંબંધોની સુરક્ષા અને બધા પ્રશ્નોનું યોગ્ય સમાધાન મેળવવાનું પરમ સૂત્ર પોતાની અનુભૂતિ છે. આપણી ઈચ્છા વિરુદ્ધનું કાર્ય થતું જોઈ આપણે વિદ્રોહ કરવા માંડીએ અને તેને

આપણે અધર્મ-પાપ કહીએ. જે અન્યની લાગણીને ઠેસ પહોંચાડે, દુઃખી કરે તે અધર્મી-પાપી છે.

અહિંસા નૈતિક ધર્મ છે. તે બાહ્યરંગી નહીં પરંતુ અંતરંગી છે. ક્યારે પણ બીજાને પીડવું, સતાવવું, મારવું, શોષણ કરવું, અધિકારો છીનવવા એ ધર્મ નથી. ધર્મ પણ પાપ-પુણ્યની પરિભાષા મુજબ બદલાતો રહે છે. ઉપર કહ્યું તેમ એકનો ધર્મ બીજાનો અધર્મ હોઈ શકે.

એક મુસલમાન પુરુષ હિંદુ સ્ત્રીના અપહરણને પોતાનો ધર્મ સમજે છે. એક હિંદુપુરુષ મુસલમાન સ્ત્રીના અપહરણને પોતાના ધર્મ સમજે છે- શું બંન્નેનો આ ધર્મ કહેવાશે ? આપણી સ્ત્રીના અપહરણ પ્રસંગે આપણને દુઃખ થાય તો બીજી સ્ત્રીના અપહરણ પ્રસંગે તે દુઃખ બીજાને ન થાય ?

આથી જ મહાવીરે કહ્યું છે 'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः" દુઃખ કે સુખનું કારણ માનવનું પોતાનું મન છે. આપણે બહારના નિમિત્તોમાં દુઃખની કે સુખની કલ્પના કરીને તે નિમિત્તોની પાછળ દોડ્યાં કરીએ છીએ. અને પરિણામે અસ્વસ્થતા અનુભવીએ છીએ. આજના ભૌતિક સામગ્રીયુક્ત જીવનમાં સુખ-દુઃખની માન્યતા પણ બદલાઈ ગઈ છે. જે અન્ય પાસે છે અને પોતાની પાસે નથી તે દુઃખ. જે બીજા પાસે નથી અને પોતા પાસે છે તે સુખ. આવી વિષમ વ્યાખ્યા વ્યાપક થઈ ચૂકી છે. આ પરથી એટલું જ કહી શકાય કે સુખ કે દુઃખ બહારના નિમિત્તો પર અવલંબતું નથી પરંતુ આપણા અંતર ઉપર અવલંબે છે. સુખને મેળવવા માટે કે દુઃખને છોડવા માટે બહારનાં નિમિત્તોની પાછળ દોડ્યા કરવા કરતાં વિશેષ લક્ષ્ય આપણા અંતર તરફ આપવું તે વિશેષ ઉચિત્ત છે.

'अज्झत्थं सव्वओ सव्व, दिस्स पाणे पियायए ।
न हणे पाणिणो पाणे, भयवेराओ उवरए ॥

ઉત્તરા અ.૬ ગા.૬ =

**બધી બાજુઓથી આવી પડનારાં બધાં સુખ-દુઃખોનું મૂળ આપણા અંતરમાં છે એમ જાણીને, અને પ્રાણીમાત્રને એક પોતાનો જીવ વહાલામાં વહાલો છે એમ સમજીને, જેઓ ભય અને દ્વેષના દોષોથી નિવૃત્ત થયેલાં**

છે તેઓ, કોઈપણ પ્રાણીના પ્રાણને હણતાં નથી.

આમ ધર્મ એટલે તે ક્રિયા જે આપણા ઉચ્ચ જીવનનું નિર્માણ કરે. આમ સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ અનુભવવાની વૃત્તિ અથવા મને જેવાં સુખ દુઃખ થાય છે એવાં જ તે તમામ જીવોને થાય છે એમ સમજી કોઈપણ પ્રાણીને ન દુભાવવાની વૃત્તિ અથવા આત્મામાં રહેલા રાગ, દ્વેષ, કામ, ક્રોધ, લોભ, મદ, મોહ વગેરે દુર્ભાવોને નિગ્રહમાં લાવવાની વૃત્તિ એ અહિંસાનું લક્ષણ છે. જેટલે જેટલે અંશે ઉપર જણાવેલી કોઈ ગમે તે એક વૃત્તિ કેળવાય, થોડી પણ કેળવાય તેટલે તેટલે અંશે આત્મામાં અહિંસાનો ગુણ પ્રગટ થાય.

આમ ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયનમાં કહ્યું છે.

समया सव्वभूएसु, सत्तु-मित्तेसु वा जगे ।
पाणाइवाय विरई, जावज्जीवाए दुक्करं ॥

(ઉત્તરા. અ. ૧૯. ગા-૨૫)

અર્થાત્ દુનિયામાં તમામ પ્રાણીઓ તરફ-પછી ભલે કોઈ શત્રુ હોય અથવા મિત્ર હોય-સમભાવે વર્તવું તેનું નામ અહિંસા છે. એવી અહિંસામાં અર્થાત્ સમતાભાવમાં રહીને તમામ પ્રાણીઓને પીડા કરવાની પ્રવૃત્તિનો ત્યાગ-નાની મોટી તમામ પ્રકારની હિંસાનો ત્યાગ જીંદગીપર્યંત ટકાવવો-નભાવવો દુષ્કર છે.

**હિંસાના પ્રકાર :-**

ભગવાન મહાવીરે અહિંસાને સમજવા માટે કેટલાંક સ્તરો નિર્ધારિત કરેલાં છે. તે સ્તરો તેની વસ્તુ સ્થિતિ પર આધારિત હોય છે. તેમણે હિંસાને ચાર વિભાગોમાં વિભક્ત કરી છે. (૧) સંકલ્પી (૨) આરંભી (૩) ઉધોગી (૪) વિરોધી.

જાણી-બુઝીને કોઈ ખાસ સંકલ્પ-નિર્ધાર સાથે, ઈરાદા સાથે જે હિંસા આચરવામાં આવે છે તે સંકલ્પી હિંસા છે. સંકલ્પી હિંસા આક્રમણાત્મક હિંસા છે. પ્રત્યેક માનવી માટે તે પરિહાર્ય છે. દઢસંકલ્પશક્તિ વડે તે અંકુશિત કરી શકાય છે. સંકલ્પી હિંસા વૈરવૃત્તિ-દ્વેષ ઈર્ષ્યાનું પરિણામ છે

જેનું પરિણામ હંમેશ નકારાત્મક હોય છે કારણ તે અન્યને ત્રાસ આપવા, પીડા કરવા, તડપાવવા જ, આચરવામાં આવતી હોય છે.

આરંભી હિંસા આજિવકાત્મક હિંસા છે. ખાન-પાન, રહેણીકરણી, ઘર-ગૃહસ્થી, સંસારના વ્યવહારો ચલાવવા માટે જે હિંસા આચરવામાં આવે છે તે આરંભી હિંસા છે. જે માનવ ભૌતિક સાધનોના સર્જન, સંરક્ષણ દ્વારા પોતાનું જીવન ચલાવે છે તે આ અહિંસાનો ત્યાગ કરવા, છોડવા અસમર્થ છે. જીવનવ્યવહારમાં ઘર ચલાવવા અનેક પ્રકારની હિંસા નિશ્ચિત છે. પરંતુ આવા રોજિંદા વ્યવહારમાં પણ દરેક જીવે સાવધાની રાખવી જોઈએ કે જેથી ઓછામાં ઓછી હિંસા થાય, હિંસાને નિવારી શકાય.

કુટુંબના ભરણપોષણ અર્થે, ધંધા-વ્યવસાય માટે, ખેતી-વાડી, વેપાર-ઉદ્યોગ માટે જે હિંસા આચરવામાં આવે છે તે ઉદ્યોગી હિંસા છે. જીવનમાં દરેક જીવને કર્મ કરવું જ પડે છે તે સાધુ હોય કે ગૃહસ્થ હોય. માનવ હોય કે પ્રાણી હોય.

'न हि कश्चित्, क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत' અર્થાત્ કોઈપણ વ્યક્તિ ક્ષણ માટે પણ કર્મ, કાર્ય વિના રહી શકતું નથી. અકર્મણ્ય, આળસુ, પ્રમાદી બની પ્રવૃત્તિમાંથી મુક્તિ મેળવી શકાતી નથી. માનવ મન જ પ્રવૃત્તિઓનું મૂળ સ્તોત્ર છે. સાંસારિક-ગૃહસ્થાશ્રમી જીવોએ પોતાના જીવન-નિર્વાહ માટે ઉદ્યોગી હિંસા આચરવી પડે છે. આમાં પણ પ્રત્યેક જીવ સાવધાની રાખી વિવેકપૂર્વક, ન્યાય-નીતિપૂર્વક કાર્ય કરી હિંસાને નિવારી શકે છે.

શત્રુના આક્રમણ સમયે દેશને, નગરને, પરિવારને, કુટુંબને કે પોતાની જાતને બચાવવા માટે, અન્યાયનો પ્રતિકાર કરવા માટે, આઝાદીની સુરક્ષા અને રાષ્ટ્રની શાંતિ માટે જે યુદ્ધ કરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. તે પ્રત્યાક્રમણ હિંસા અર્થાત્ આક્રમણનો વળતો જવાબ. સુરક્ષા-બચાવ રીતે જે હિંસા આચરવામાં આવે છે તે વિરોધી હિંસા છે. ભૌતિક સંસ્થાનો પર પોતાનું અસ્તિત્વ રાખવા જેઓ ઇચ્છે છે તેઓ આ હિંસા છોડવા અસમર્થ છે.

આ ચાર પ્રકારની હિંસામાંના પ્રથમ સ્તર પર જે હિંસા આસક્તિ,

પ્રલોભન, તૃષ્ણા, લાલસાથી વશીભૂત થઈ કરવામાં આવતી અનાવશ્યક આક્રમણાત્મક હિંસાનો જો ત્યાગ કરી શકાય તો શ્રેષ્ઠ છે. જો સમસ્ત સમાજ દ્વારા આ અહિંસાનો ત્યાગ કરવામાં આવે તો દુનિયામાં પ્રવર્તતી મોટાભાગની સમસ્યાનો ઉકેલ આપોઆપ આવી જાય. જૈન ધર્માત્માઓએ આ સંકલ્પી હિંસાનો ત્યાગ કરવા પર ખુબ ભાર મુક્યો છે. જો બળવાન દુર્બળને મારવાનો-પતાવી દેવાનો સંકલ્પ કરે, નિરપરાધીની હિંસા કરે, કોઈનું ધન લૂંટી લેવા આક્રમણ કરે, લોભ-લાલચ કે દ્વેષ ભાવથી પ્રેરાઈને કોઈ પર અત્યાચાર-જુલમ કરે, સામ્રાજ્યના વિકાસાર્થે કોઈ પર આક્રમણ કરે, આર્થિક લોભથી લૂંટ ચલાવે, મજુર-કર્મચારી વર્ગનું શોષણ કરે વગેરે વગેરે... સંકલ્પી હિંસાના ઉદાહરણો છે જે થોડી સૂઝ-સમજ અને શાસ્ત્રજ્ઞાનથી અટકાવી, નિયંત્રિત કરી શકાય છે અને તેમ થતાં સમાજનું હિંસક સ્વરૂપ બદલાઈ સર્વત્ર મૈત્રીભાવ-સુખ-શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તવા માંડે છે.

જીવન નિર્વાહ માટે વ્યક્તિએ આરંભ-સમારંભ કરવા પડે છે. જીવન-નિર્વાહ માટે કામ-ધંધા કરવા પડે છે. આમ જીવન-નિર્વાહ માટે જે હિંસા આચરવામાં આવે છે તેને એકીસાથે છોડી દેવી, ત્યાગ કરવો અશક્ય છે. ક્રમશઃ તેમાંથી આંશિક મુક્તિ મેળવી શકાય છે.

કુટુંબ પરિવારના ભરણપોષણ માટે, જીવનનિર્વાહ માટે ખેતી, વેપાર-વાણિજ્ય-ઉદ્યોગ જેવી આવશ્યક ક્રિયાઓ કરવી અનિવાર્ય છે. ઉદરપૂર્તિ માટે આચરવામાં આવતી હિંસા અહિંસાની જાગૃતિ સાથે ઘટાડી શકાય છે. વેપાર-ધંધામાં નીતિ, પ્રમાણિકતા, સત્ય જેવા નિયમો યોગ્ય રીતે પાળવામાં આવે તો આ ક્ષેત્રે થતી હિંસાને અંકુશિત કરી શકાય છે. જો મનમાં સંકલ્પ શુદ્ધિ પ્રત્યે જાગૃત્તિ હોય તો અવશ્યપણે હિંસા ક્રમશઃ ઘટે છે.

વિરોધી હિંસા સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. પોતાનું, કુટુંબનું, દેશનું, રાષ્ટ્રનું રક્ષણ કરવું એ દરેક વ્યક્તિની પ્રાથમિક ફરજ છે. નિર્દયશત્રુના આક્રમણ સમયે પોતાનો બચાવ કરવો, રક્ષણ કરવું ફરજ રૂપે છે. આથી આ વિરોધી હિંસાને સંપૂર્ણપણે ટાળી શકાતી નથી. સ્વબચાવ અર્થે હિંસા

આચરવામાં આવે ત્યારે મનમાં કષાય, દ્વેષ, વેરવૃત્તિ ઉત્પન્ન ન થાય તેની કાળજી રાખી, સાવચેત રહી વર્તવામાં આવે તે ઇચ્છનીય છે. સ્વરક્ષણ સમયે જે હિંસા આચરવી પડે, કતલ કરવી પડે, મરવું કે મારવું પડે ત્યારે જો મુખ્ય લક્ષ રક્ષા-બચવાનું છે, નૈતિક ફરજના ભાગરૂપે છે માટે તે અનિચ્છનીય કે વર્જ્ય નથી.

વિરોધી હિંસાના ઉત્તમ ઉદાહરણ છે મર્યાદા પુરુષોત્તમ રામ અને શ્રીકૃષ્ણ. અન્યાયનો પ્રતિકાર જ્યારે અહિંસાથી શક્ય ન હોય ત્યારે વિરોધી હિંસાનો આશ્રય અનિવાર્ય થઈ રહે છે. સામાન્ય જીવનમાં અન્યાયનો પ્રતિકાર આવશ્યક મનાયો છે.

રાવણ સીતાનું અપહરણ કરી લઈ ગયો. જ્યારે શ્રીરામને આ વાતની જાણ થઈ ત્યારે રાવણ ખુબ આગળ નીકળી ગયો હતો. સીતા રાવણના સકંજામાં ફસાયેલી હતી. એક તરફ સીતાના રક્ષણના નૈતિક જવાબદારી હતી તો બીજી તરફ રાવણ સાથે યુદ્ધ કરી સંહાર દ્વારા હિંસા આચરવાની હતી. રામ તો મર્યાદાપુરુષોત્તમ. તેમણે રાવણને ઘણો સમજાવ્યો સીતાને પાછી આપવા. તેણે એને સમજાવ્યું કે પોતાને નથી જોઈતી રાવણની સમૃદ્ધિ, સોનાની લંકા કે બીજું કોઈ. તેને જોઈએ છીએ એની સીતા પાછી. તે ઇચ્છે છે સીતાની મુક્તિ. તેને રાવણ સાથે લડાઈમાં કોઈ રસ નથી, આનંદ નથી. નથી એને રાવણ સાથે દ્વેષ-ભાવ કે વૈરવૃત્તિ. તેણે રાવણને સમજાવ્યું કે રાવણ પોતે રાજા છે, સિંહાસનારુઢ છે તો પોતે જ અનાચાર, અત્યાચાર કરશે તો પ્રજાને ન્યાય ક્યાંથી મળી શકશે ? તેણે સત્ય-નીતિનું આચરણ કરવું જોઈએ. પરંતુ રાવણ દ્વારા તેની એકપણ સાંભળવામાં આવી નહીં. તે અન્યાયી, અત્યાચારી, અપરાધીને દંડવા, પદાર્થપાઠ ભણાવવા રામ ધનુષ લઈ રાવણ સામે ગયા. લડાઈ થઈ, સંહાર થયો. રાવણ હણાયો. સીતા પાછી મળી. અહીંયા વિરોધી હિંસા અનિવાર્ય હતી, ફરજના ભાગરૂપે, રક્ષણના ભાગરૂપે. રામના મનમાં રાવણ પ્રત્યે ન હતો દ્વેષભાવ કે ન હતો. વૈરભાવ.

ઇતિહાસમાં આવું જ બીજું ઉદાહરણ છે શ્રીકૃષ્ણ-અર્જુનનું. પાંડવો અને દુર્યોધન વચ્ચે જે યુદ્ધ થયું તે કૃષ્ણની પ્રેરણાથી. શ્રીકૃષ્ણે યુદ્ધને ટાળવા,

ખાળવા અનેક પ્રયત્નો કર્યા. સ્વયં દૂત બની ગયા દુર્યોધનની સભામાં એને સમજાવવા એને મંનાવવા અનેક પ્રયત્નો કર્યા. નીતિ, ન્યાય, સત્યનો રાહ સમજાવ્યો અને તે રાહે પાંડવોને માત્ર પાંચ જ ગામડાંઓ આપવા માટે વિનંતી કરી. પરંતુ એવું કાંઈ બની શક્યું નહીં. કૃષ્ણે યુદ્ધ માટે પાંડવોને સમજાવ્યાં, અર્જુનને સમજાવ્યો. સ્વયં કૃષ્ણને જ યુદ્ધ માટે મજબૂર થવું પડ્યું. છતાં અર્જુને ભાઈઓ સાથે, કુટુંબીજનો, ગુરુજનો સાથે યુદ્ધ કરવાનું મુનાસિબ ન માન્યું અને શસ્ત્રો-હથિયારો ફેંકી દીધા ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને બ્રહ્મજ્ઞાન આપ્યું અને અર્જુન યુદ્ધ માટે તૈયાર થયો. સત્ય, ન્યાય, નીતિનો વિજય થયો. અહીંયા પણ વિરોધી હિંસા હતી ફરજના ભાગરૂપે.

આવા અનેકાનેક ઉદાહરણો છે ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં. અહીં સ્પષ્ટ વાત એક છે કે અહિંસાની સાધના પરિસ્થિતિ, સમાજ, વ્યક્તિ અને વિવેકનું સંતુલિત સ્વરૂપ છે. જો તેમાં ક્યાંય પારસ્પરિક સંતુલન નહીં રહે તો અહિંસાની સાધના બગડી જશે. આમ, વિરોધી હિંસા સર્વત્ર ટાળવી સંભવિત નથી.

### અહિંસા એટલે શું કાયરતા ?

કેટલાક લોકોને મન અહિંસા પંગુ, પાંગળી ભાસે છે. તેઓ માને છે કે અહિંસા કાયરનો ધર્મ છે. જે લોકો કાયર છે, નિર્બળ છે, સામનો કરવાને સમર્થ નથી તેંઓ અહિંસાનો અચંળો ઓઢી, 'અહિંસા પરમો ધર્મ' ને ઢાલ સ્વરૂપ રાખી પોતાની અશક્તિ છુપાવે છે. અહિંસાના મહોરાએ જ જનતાને નિર્બળ કરી મુકી અને તે પરાધીનતાના બંધનમાં જકડાઈ ગઈ... પરંતુ આ વાત એમ નથી. સત્ય તો એ છે કે જૈનધર્મની અહિંસાનો પૂર્ણરૂપે પ્રચાર ન થવાને કારણે જનતા નિર્બળ, નિર્ધન બની અને પરાધીનતા-ગુલામીના બંધનમાં જકડાઈ. માત્ર વિચારો જ કે... જો સમસ્ત સંસાર જૈન ધર્મની અહિંસાનું પાલન કરે તો સર્વત્ર મૈત્રીભર્યું વાતાવરણ સર્જાય, બંધુત્વની ભાવના વિકસે અને સત્યુગની સ્થાપના થાય. કારણ અહિંસા એ તો શાંતિ-સુધાની સરિતા છે. માટે ભારતની પરાધીનતાનું કારણ અહિંસા નથી. પરંતુ એ છે સત્તાની લોલુપતા, વિષયોની પરવશતા અને આંતરિક ક્લહ. આપણો ઈતિહાસ પણ એ જ વાતને સમર્થન આપે છે કે આપણાં રાજાઓમાં આંતરિક

કલહ, પ્રમાદ-વિષયપ્રત્યે આકર્ષણ જેવા કારણોથી અંગ્રેજો ફાવી ગયા. ગાંધીજીએ એ જ અહિંસક માર્ગ દ્વારા દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કર્યો ત્યારે બંધનકર્તા કોણ... હિંસાનું કષાયનું સામ્રાજ્ય કે અહિંસા ?

કોઈ કહે છે- ઘાતક પ્રાણીઓને દંડ અનિવાર્ય છે. તો શું એ હિંસા નથી ? જૈનધર્મ પણ અપરાધીને દંડ માન્ય કરે જ છે. અપરાધીને દંડ આપવાથી અહિંસાનું સામ્રાજ્ય સ્થપાય છે કારણ... એક અપરાધીને ઉચિત દંડ મળતાં અનેક અપરાધીઓ થતાં અટકે છે... અપરાધ કરવાની વૃત્તિ, સાહસ ઘટે છે અને હિંસા અટકે છે. કોઈ એવું માને કે જીવન સંઘર્ષ અથવા અન્યાય સામે લડવાની તાકાત માત્ર હિંસામાં જ છે તો આ માન્યતા ભ્રમ ભરેલી છે. પ્રવૃત્તિપ્રધાન અહિંસા દ્વારા સિદ્ધ થયું છે કે અહિંસા દ્વારા અસહયોગ કરી શકાય છે પરંતુ તે વિવેકપૂર્વક, સમજપૂર્વકનો હશે. ત્યાં આગ્રહ હશે પણ હઠાગ્રહ નહીં હોય, પરંતુ તે હશે સત્યાગ્રહ. અહિંસા દ્વારા સંઘર્ષનો સામનો હથિયાર, તોપ કે શસ્ત્રોથી નહીં પરંતુ પ્રેમ, સદ્ભાવ અને સદ્વર્તન દ્વારા થશે જે વિરોધી-સામેની વ્યક્તિના દિલ-દિમાગ બંન્ને પર અસર કરશે. પ્રેમ દ્વારા મૈત્રીભાવ, કેળવાશે, જે એક સદ્પ્રવૃત્તિ રૂપે સ્થાપિત થશે. સમાજ સેવા કે સમાજના નિર્માણ માટે અહિંસા ઉચ્ચ આદર્શ છે. જીવન અને સમાજ પ્રત્યેની પ્રત્યેક પ્રવૃત્તિમાં અહિંસક દષ્ટિકોણ સર્વથા આવકાર્ય, ઇચ્છનીય છે.

અહિંસા-વીરોનો ધર્મ :

આમ અહિંસાએ કાયરતા નથી પણ વીરોનો ધર્મ છે. આજથી ઈ.સ. ૨૬૦૦ વર્ષ પૂર્વે જ્યારે બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું, જાતિવાદનો નશો વ્યાપી ચૂક્યો હતો, અંધ વિશ્વાસ, તંત્ર-મંત્ર, હિંસક તત્ત્વો, યજ્ઞ-યાજ્ઞાદિ ક્રિયાઓ વડે માનવ સમાજ કલુષિત થઈ ત્રાહિમામ્ પોકારી ઊઠ્યો હતો, ગુલામી-દાસત્વની પ્રથા દ્વારા માનવનું મહત્તમ શોષણ કરવામાં આવતું, માનવ સમાજની પ્રગતિ રુંધાઈ રહી હતી તેવે સમયે શ્રમણ પરંપરા અસ્તિત્વમાં આવી. ભગવાન મહાવીર અને બુદ્ધે અહિંસક ક્રાંતિ આણી નવસર્જન કર્યું. તેમણે પોતાના વિચારોને રજુ કરવા, સમાજમાં ક્રાંતિ આણવા રાજ્યનો, કાયદાનો, સેનાનો, યુદ્ધનો, વિગ્રહનો આશરો લીધો નહીં. તેમણે

પ્રથમ પોતાની જાતને તપાસી-ચકાસી. પોતાના સિદ્ધાંતોને જીવનમાં અપનાવ્યાં અને પછી પોતે ગામે-ગામ, શેરીએ- શેરી, મહોલ્લે-મહોલ્લો અને ઘરે-ઘરે ફર્યા. જનતાને પોતાની વાત, અહિંસાની વાત સમજાવી. તેઓના વિચારમાં, વર્તનમાં પરિવર્તન આણ્યું. પોતાના શિષ્યોને તૈયાર કરી, તેમના દ્વારા શાંતિની મશાલ પકડાવી અને તે સત્ય અને અહિંસાની મશાલ દ્વારા પ્રગતિનું માપદંડ નિશ્ચિત કર્યું. ગૌતમ બુદ્ધ અને ભગવાન મહાવીર શું કાયર હતાં ? ન હતાં મહાવીર અને ગૌતમ કાયર કે ન હતી તેમની અહિંસા કાયર. કાયર તો એ છે જે હિંસાનું બહાનું બતાવી પોતાના પ્રાણોની રક્ષા કરવા ઇચ્છે છે.

કોઈને મારી નાખવા, ઘાત કરવો, હિંસા કરવી એ બહાદુરીનું કામ છે તેવું કયું શાસ્ત્ર, ક્યા ધર્માત્મા કહે છે ? કોઈને મારી નાખવામાં કોઈ બહાદુરી નથી. બહાદુરી છે પોતે જાતે મરી જવામાં, બલિદાન આપવામાં. પ્રાણીમાત્ર સુખ ઇચ્છે છે, જીવન ઇચ્છે છે. મરી જવા કોણ તૈયાર છે ? મરવા માટે કોઈ તૈયાર નથી. વૃદ્ધ, બીમાર, અશક્તોમાં પણ પ્રતિપળ જીવનની આશાનું સિંચન થતું રહેતું હોય છે. છેલ્લી ક્ષણો ગણતો વૃદ્ધ કે બીમાર વ્યક્તિ પણ ઇચ્છે કે એવી કોઈ દવા મળી જાય, જાદુઈ ચમત્કાર થાય કે જીવી જવાય, બચી જવાય અને થોડા વધુ દિવસ જીવી શકાય. આવો છે જીવનનો મોહ. ત્યારે અહિંસાના પ્રચારક પોતે સ્વયંનુ બલિદાન કરે, શહીદ થઈ જાય એને શું કાયરતા-પાંગળાપણું કહેવાય ? અહિંસા તો વીરોનો ધર્મ છે.

આનું ઉદાહરણ છે આધુનિક યુગના મહાત્મા ગાંધીજી. આ જ મહાત્મા ગાંધીએ ભારતદેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા માટે, આઝાદી માટે સદીઓથી ચાલ્યો આવતો, પારંપારિક યુદ્ધનો, લડાઈનો માર્ગ ન અપનાવ્યો. એ માર્ગ હિંસક હતો. તેમણે અપનાવ્યો અહિંસાનો માર્ગ. અને અહિંસાના માધ્યમ વડે જ તેમણે અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢ્યા, ભારતને ગુલામી માંથી મુક્ત કરી આઝાદી અપાવી. આ માટે તેમણે ઉપવાસ કર્યો, સત્યાગ્રહ કર્યો, અસહયોગની ચળવળ શરૂ કરી, અહિંસક આંદોલન કર્યા, સવિનય અવજ્ઞા દ્વારા તેમણે દેશને આઝાદી

અપાવી. આ માર્ગ કાયરતાનો નથી પણ આ માર્ગ છે વીરતાનો, સત્ત્વનો, આત્મવિશ્વાસનો. અહિંસાત્મક પ્રતિકાર એ જીવનનો સર્વોચ્ચ આદર્શ છે.

આમ પૂર્ણ અહિંસાનો આદર્શ પૂર્ણતયા અવ્યવહારિક હોતો નથી. જેમ જેમ વ્યક્તિ સંપત્તિ અને શરીરના મોહથી પર થઈ ઉર્ધ્વ તરફ ગતિ કરે છે ત્યારે અહિંસાનો આદર્શ વ્યવહાર્ય બની રહે છે. છતાં પણ શરીરધારી આત્મા માટે અહિંસા એક આદર્શરૂપ જ રહે છે. પરંતુ તે યથાર્થ રૂપે અવતરિત થઈ શકતી નથી. જ્યારે શરીરના સંરક્ષણનો મોહ નાશ પામશે, શરીર તરફનું આકર્ષણ શૂન્ય થશે, વિરક્તિ-અનાસક્ત ભાવ ઉત્પન્ન થશે ત્યારે પૂર્ણ અહિંસાનું અવતરણ થશે, પૂર્ણરૂપે અહિંસા શરીરધારી માટે શક્ય નથી પછી ભલે શરીર સાધના માટે હોય. ત્યાં શરીરના સંરક્ષણની વૃત્તિ ન હોવા છતાં પણ શરીરધારી માટે પૂર્ણ આદર્શ અહિંસાનો પ્રાદુર્ભાવ શક્ય નથી. કારણ શરીર સાધનાર્થે હોય, પરોપકારાર્થે હોય, અનાસક્ત ભાવે હોવા છતાં પણ શરીર એ શરીર છે. શરીર છે તો એને દૈહિક ધર્મો છે. એને આહાર છે, વિહાર છે, દૈહિક ધર્મો છે, પ્રવૃત્તિ છે. અને આ બધું હિંસા વગર શક્ય નથી, સંભવ નથી. પરંતુ અહીં એક વાત નિશ્ચિત છે કે આ તબક્કા દરમ્યાન થતી હિંસા નિરૂપદ્રવી, તેજસ્વી હિંસા હશે. અહીંયા સંકલ્પ શુદ્ધ-સાત્ત્વિક હશે. તેનું ધ્યેય-લક્ષ શ્રેયાર્થે હશે. તેની પ્રવૃત્તિમાં સર્વજીવો તરફ તેનામાં રહેલો આત્મવત્‌ભાવ તરતમભાવે ખંડિત થતો હોતો નથી.

**હિંસાના પ્રકાર :-** હિંસા બે પ્રકારે થાય છે. (૧) પ્રત્યક્ષ હિંસા અને (૨) પરોક્ષ હિંસા.

**પ્રત્યક્ષ હિંસા** - જે હિંસા પ્રત્યક્ષ રીતે દેખાય છે, સમજાય છે તે પ્રત્યક્ષ હિંસા. એકેન્દ્રિય જીવથી માંડી પંચેન્દ્રિય જીવ સુધીના જીવોની હિંસા સહજ રીતે થાય છે પરંતુ તે ક્યારે-કેમ થઈ તે જણાઈ આવે છે. જરા જેટલી સાવધાની વડે તે રોકી શકાય છે, અટકાવી શકાય છે.

પરોક્ષ હિંસાનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ, વ્યાપક, કઠિન અને દુર્ગમ છે. તે સામાન્યરીતે સરળતાથી જોઈ-જાણી શકાતું નથી. પરોક્ષ હિંસાના ઊંડાણ, તળને સમજવું અત્યંત આવશ્યક છે. પરોક્ષ હિંસા થતી નથી. હિંસાના

અનેકવિધ રૂપો છે અને તેના અલગ-અલગ અગણિત પ્રકાર છે. જેમ જેમ તેના પર વિસ્તૃત, તલસ્પર્શી ચિંતન થશે. તેમ તેમ હિંસા-અહિંસાના સૂક્ષ્મ અને વ્યાપક રૂપ પ્રગટ થશે.

**હિંસાનું સ્વરૂપ :**

આત્મા સાથે જ્યારે હિંસાનો બંધ થાય છે ત્યારે આત્મામાં કંપન ઉત્પન્ન થાય છે, આંતરિક હલચલ મચે છે અને સાથોસાથ ક્રોધ, અહંકાર, સ્વાર્થ, લોભ, દંભ જેવા સંસ્કારો જાગૃત થાય છે. જ્યાં સુધી આત્મામાં આવા સંસ્કાર, કંપન નથી હોતાં ત્યાં સુધી ત્યાં હિંસાનું બંધન હોતું નથી. આત્મા સ્થિર, શાંત હોય છે. પૂર્વે જણાવ્યું તેમ હિંસાના અનેક ભેદ છે. તેની ગણના સમુદ્રની લહેરો જેમ અસંભવ, અશક્ય છે. પરંતુ સ્થૂળ રીતે જોતાં સૌપ્રથમ હિંસાના ત્રણ સ્વરૂપ દશ્યમાન થાય છે. સંરમ્ભ, સમારંભ અને આરંભ. હિંસા વિષે વિચાર જાગૃત થવો એટલે સંરમ્ભ. હિંસા માટે સામગ્રી એકત્રિત કરવી એટલે સમારંભ. અને પછી પ્રારંભથી અંત સુધી હિંસાની ક્રિયા કરવી તે આરંભ- આમ આ ત્રણે ભેદ હિંસાના થયા. હિંસા માટેનો સંકલ્પ કે પ્રયત્ન થાય છે તેની પાછળના કારણ વિષે વિચારતાં સ્પષ્ટ જણાય છે કે અંતરહૃદયની દૂષિત ભાવનાઓ જ હિંસા માટે પ્રેરિત કરે છે. પ્રાથમિક અવસ્થામાં દુઃખમાંથી ક્રોધ ઉપજે છે અને ક્રોધ હિંસાને આમંત્રે છે. આવો દૂષિત સંકલ્પ હિંસાની પ્રાથમિક સામગ્રીરૂપે આગળ આવે છે અને પછી એ સંકલ્પના બળને આધારે હિંસાનો આરંભ થાય છે. મનની દૂષિત ભાવનાઓને ચાર ભાગોમાં વિભાજિત કરી શકાય- ક્રોધ - માન - માયા અને લોભ. હિંસાના મૂળના આ ચાર દૂષિત સંકલ્પો જ હિંસા પ્રત્યે ઉન્મુખ કરે છે. આ સંકલ્પો જેટલાં ઊંડા, તીવ્ર એટલી હિંસા પ્રબળ, બળવત્તર બને છે.

સંરમ્ભ, સમારંભ અને આરંભ - ત્રણેને ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર સાથે ગુણવાથી હિંસાના બાર ભેદ થયા. તેને મન, વચન અને કાયાના સાધની સાથે ગુણવાથી છત્રીસ ભેદ થયાં. પછી કરવું-કરાવવું અને-અનુમોદના કરવી આ ત્રણે યોગેથી ગુણવાથી એકસો આઠ ભેદ થાય છે. વળી સ્થૂળ રીતે એકસો આઠ ભેદે હિંસા થાય છે. અને તેને રોકવા માટે

સંઘર્ષ કરવો પડે છે.

હિંસાનો અર્થ મારી નાખવું એટલું જ નહીં પરંતુ મનમાં આવતો પ્રત્યેક દૂષિત સંકલ્પ હિંસા છે. કોઈપણ પ્રાણીની સ્વતંત્રતાને અંકુશિત કરવી એ પણ હિંસા છે.

જે હિંસા ક્રોધ, માન, માયા, લોભ અને વાસનારૂપે માનવમનમાં અંદરોઅંદર આગ જેમ સળગતી જ રહે છે, તે આંતરિક હિંસા છે. આ હિંસાના માધ્યમ વડે આપણે બીજાની હત્યા નથી કરતાં પરંતુ આપણે આપણા સદ્‌ગુણો, સદ્‌વિચારો, સદ્‌વૃત્તિઓ, વિનય, વિવેક વગેરેની હત્યા કરીએ છીએ, જે આત્મહત્યા કરતાં પણ ભયંકર છે. આત્મહત્યા એટલે પીસ્તોલ, બંદૂક, ઝેરી દવા ખાઈને, ટ્રેન નીચે પડતું મુકીને કે કુવા, દરિયામાં પડવું કે ઊંચા પર્વતના શિખર કે બહુમાળી મકાન પરથી પડતું મુકવું. આત્મહત્યા કાયરતા છે. કાયરતા અને ભય માનવજીવનના પતનનું કારણ છે. હિંસા વડે કાયરતા ઉત્પન્ન થાય છે, કાયરતા ભય ઉત્પન્ન કરે. ભય પરાજય ઉત્પન્ન કરે. પરાજય ક્રોધ ઉત્પન્ન કરે-આમ હિંસા એ પતનનું કારણ છે.

**માનસિક હિંસા-** જીવન, સમાજ અને રાષ્ટ્રને પરસ્પર સંબંધ છે. આ ત્રણે સ્તરે માનવ પોતાની અનેકવિધ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપે છે. ઊપર જોયું તેમ હિંસા દ્વારા કષાય-ક્રોધ ઉત્પન્ન થાય છે. જેને પરિણામે સામાજીકતા ખંડિત થાય છે અને તેમાંથી ઊંચ-નીચ, જાતિ-પાતિ, છૂતાછૂત જેવા રોગ વિકસે છે. હરિજન-ચાંડાળ જેવી નીચ જાતિઓને માન્ય કરી તેમની સામે નિર્દય-ક્રૂર વ્યવહાર કરવામાં આવે છે તે પણ માનસિક હિંસાનું સ્વરૂપ છે.

કુદરતી રીતે બધા જ મનુષ્ય સમાન, એક જ પરમ પિતા પરમેશ્વરના સંતાનો હોવા છતાં જાતિ-પાતિ, ઉચ-નીચ, અમીર-ગરીબ, રાજા-રંક જેવા કૃત્રિમ ભેદો ઉત્પન્ન કરવામાં આવે છે જેને લીધે માલિક-નોકર, શાહુકાર-કર્મચારી, જેવા વર્ગો અસ્તિત્વમાં આવ્યાં અને તેમાંથી ગુલામી-દાસત્વની પ્રથા અસ્તિત્વમાં આવી. ધનિક-શ્રીમંતો ગુલામ-દાસને ખરીદતા. એ નિર્બળ-ગરીબ દાસ પર અમાનુષી અત્યાચાર ગુજારતા. એક

પશુ કરતાં પણ વિશેષ શારીરિક શ્રમયુક્ત કામ લેવામાં આવતું અને તેમને ખાવા માટે નિમ્ન સ્તર, અપૌષ્ટિક ખોરાક પૂરો પાડવામાં આવતો. ઓછા વળતરે વિશેષ કામ કઢાવનારની હોંશિયાર-કુશળ તરીકે કદર થતી. વધારે પડતો શારીરિક શ્રમ, ઓછું વળતર, ભૂખ્યા-તરસ્યા રાખવા, નિર્દય રીતે અત્યાચાર કરવો. આમ અનેકવિધ રીતે ગુલામોનું શોષણ કરવામાં આવતું જે માનસિક હિંસાનો એક પ્રકાર ગણાય છે.

રાજા રામે એક ધોબીની ટીકા, સલાહ માત્રથી ગર્ભવતી સીતાને કોઈપણ પ્રકારની જાહેરાત, રજુઆત કર્યા વિના જ દેશનિકાલની સજા ફરમાવી સતી સીતા વનપ્રદેશમાં ઋષિના આશ્રમમાં રહી અને ત્યાં જ પુત્રોને જન્મ આપ્યો છે. આ ઉદાહરણ છે માનસિક શોષણનું.

મીલમાં કામ કરતાં મજુરો, ખેત પર કામ કરતાં મજુરો પાસેથી ખુબ કામ કરાવવું, ઠંડી-ગરમી કે વરસાદની પરવા કર્યા વિના વેઠ કરાવવી અને મહેનતાણું-વળતર ચૂકવવાના પ્રસંગે ખુબ ઓછું વળતર ચૂકવવું તે પણ શોષણ સ્વરૂપ જ છે.

**હિંસાની તીવ્રતા**

અહીંયા એક પ્રશ્ન ઉદ્ભવે કે ખાવું, પીવું, ઊઠવું, બોલવું, ચાલવું જેવી પ્રત્યેક ક્રિયા હિંસાત્મક છે તેથી જીવન પાપમય થયું જ કહેવાયને. આપણા શાસ્ત્રોમાં આ વિષય પરત્વે ઉકેલ મળી આવે છે.

એકવાર ગૌતમે ભગવાન મહાવીરને પુછ્યું , 'ભંતે ! આ જીવન પાપમય છે. જીવનની પ્રત્યેક ક્રિયામાં ચાલવું-ઊઠવું, બોલવું, બેસવું, ખાવું-પીવું જેવી કેટકેટલી ક્રિયાઓ કરવાની હોય છે. પ્રત્યેક ક્રિયામાં પાપ તો થાય જને. તો સર્વત્ર પાપ-પાપ અને પાપ જ ભાસે છે તો આપ એવો યોગ્ય માર્ગ બતાવો જેથી પાપમુક્ત બની જીવી શકાય.

પ્રભુએ કહ્યું, 'ગૌતમ ચાલવું એ પાપ નથી, ખાવું એ પાપ નથી, બોલવું એ પાપ નથી. સુવું એ પાપ નથી. આવી દૈનિક આવશ્યક ક્રિયાઓમાં ક્યાંય એવું પાપ નથી. શરતમાત્ર એટલી કે તમે હરેક ક્રિયામાં, કાર્યમાં વિવેક જાળવી રાખો તો જીવનની બાહ્ય ક્રિયામાં આમ પાપ નથી, પુણ્ય નથી. પાપ તો છે વિવેકથી ચ્યૂત થવામાં. જો અવિવેક-અયતના દ્વારા

કોઈપણ કાર્ય કરવામાં આવે તો, વિનય-વિવેકથી ચ્યૂત થઈ જીવન જીવવામાં આવે તો સર્વત્ર પાપ છે પરંતુ એ જ ક્રિયા, વિનય, વિવેક અને યતના પૂર્ણ રીતે કરી જીવન જીવવામાં આવે તો પાપ નથી, જીવન સુખમય છે. આવા સીધા, સરળ પ્રત્યુત્તર દ્વારા ભગવાને સમજાવ્યું કે ધર્મ અને અહિંસાની સાચી કસોટી વિવેક છે. જ્યાં વિવેક છે ત્યાં અહિંસા છે. જ્યાં વિવેક નથી ત્યાં અહિંસા પણ નથી. એક વાત નિર્વિવાદપણે સ્વીકારવામાં આવી છે કે જે હિંસા અપ્રગટ અને કષાયરહિત છે તે બાહ્ય રૂપથી થતી હિંસા વસ્તુતઃ હિંસા નથી. એમ પણ માનવામાં આવ્યું છે કે જે હિંસામાં હિંસા કરતી વખતે મનોભાવ જેટલા વધુ ક્રૂર હિંસા તેટલીજ નિકૃષ્ટ-અધમ કોટિની ગણાય છે. જ્યારે હિંસા અપરિહાર્ય બની ગઈ છે ત્યારે બહુ (તીવ્ર) અહિંસાની અપેક્ષાએ અલ્પ હિંસા યોગ્ય-ઉચિત માનવામાં આવી છે.

સૂત્રકૃત્તાંગ આગમમાં આર્દ્રક નામે અધ્યાય છે જેમાં હસ્તિ તાપસોની ચર્ચા છે. આ હસ્તિ તાપસો એમ માને છે કે આહાર માટે અનેક વાનસ્પતિક એકેંન્દ્રિય જીવોની હિંસાની અપેક્ષાએ એક મહાકાય હાથીને મારવો અલ્પ હિંસા છે અને એ પ્રકારે તેઓ પોતાને અધિક અહિંસક સિદ્ધ કરે છે. જૈન પરંપરાનુસાર તે અનુચિત-અયોગ્ય છે. એના પ્રત્યુત્તર રૂપે સમજાવવામાં આવ્યું છે કે હિંસા-અહિંસા ના વિવેકમાં કેટલા પ્રાણીઓની હિંસા થઈ તે મહત્ત્વનું નથી પરંતુ કયા પ્રાણીની હિંસા થઈ છે તે વિશેષ મહત્ત્વનું છે. ભગવતી સૂત્રમાં આ પ્રશ્ન વિષયે છણાવટ કરતાં દર્શાવવામાં આવ્યું છે કે સ્થાવર જીવોની અપેક્ષાએ ત્રસ-જીવની અને ત્રસ-જીવોમાં પંચેન્દ્રિય, અને પંચેન્દ્રિયોમાં મનુષ્યની અને મનુષ્યમાં ઋષિની હિંસા વિશેષ નિકૃષ્ટ માનવામાં આવી છે. માત્ર એટલું જ નહીં જ્યાં ત્રસ જીવોના ઘાતક અનેક જીવોની હિંસાના નિમિત્ત બને છે ત્યાં ઋષિની હિંસા કરનાર ઋષિ ઘાતક અનંત જીવોની હિંસાના નિમિત્ત બને છે. આથી હિંસા-અહિંસાના વિવેકમાં સંખ્યાનું મહત્ત્વ નથી જેટલું મહત્ત્વ છે પ્રાણીની ઐન્દ્રિક અને આધ્યાત્મિક ક્ષમતાના વિકાસનું.

એક જે માન્યતા છે-બધા આત્માઓ સમાન છે માટે બધી હિંસા સમાન છે-પરંતુ તે યથાયોગ્ય નથી. કેટલીક પરંપરાઓમાં દરેક પ્રાણીઓની

હિંસાને સમસ્તરે સ્થાપિત કરી અહિંસાના વિધાયક પક્ષનો જે નિષેધ કરવામાં આવ્યો છે તે તર્કસંગત નથી. અહીંયા હિંસાનો સંબંધ આત્મા સાથે સ્થાપિત કરવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે હિંસા આત્મા ની નહીં, પ્રાણોની થાય છે. અને તેથી જે પ્રાણીઓની પ્રાણસંખ્યા અર્થાત્ જૈવિક શક્તિ સુવિકસિત છે તેની હિંસા અધિક નિકૃષ્ટ છે. વનસ્પતિની અપેક્ષાએ પશુહિંસામાં, પશુહિંસાની અપેક્ષાએ મનુષ્યહિંસામાં વિશેષ ક્રૂરતા અપેક્ષિત છે. માટે હિંસકભાવો અથવા કષાયોની તીવ્રતાને કારણે મનુષ્યની હિંસા વિશેષ નિકૃષ્ટ-અધમકોટિની લેખાશે.

હિંસા-અહિંસામાં વિવેકપૂર્ણ વ્યવહાર બાહ્યઘટના ઉપરાંત કર્તાની મનોવૃત્તિ પર હિંસાનો આધાર છે.

ગીતા અને બૌદ્ધ આચારદર્શનની અપેક્ષાએ જૈનવિચારણાએ બાહ્ય પક્ષ પર ગહનતાપૂર્વક વિચાર કર્યો છે. તે માને છે કે ક્યાંય અપવાદાત્મક અવસ્થા સિવાય સામાન્ય રીતે જે વિચારમાં છે, જે અંતરમાં આંતરિક રૂપે છે તે જ વ્યવહારમાં પ્રગટ થાય છે. અંતરંગ અને બાહ્ય અથવા વિચાર અને આચાર સંબંધિત દ્વૈતદૃષ્ટિ એને સ્વીકાર્ય નથી. એની દૃષ્ટિએ અંતરમાં અહિંસક વૃત્તિ હોવાથી બાહ્યરૂપે હિંસાચાર એક પ્રકારની છલના છે, ભ્રાંતિ છે. આત્મપ્રવંચના છે.

### વીતરાગતા : અહિંસાની જનની

વૈરાગ્ય એ રાગનું જ એક પ્રશસ્ત સ્વરૂપ છે. 'હું' અને 'મારા' પ્રત્યે રાગ ભાવ અને અન્ય પ્રત્યે દ્વેષભાવ તે વિકૃતિ છે. જગતના તમામ જીવો પ્રત્યે સ્નેહભાવ તે સંસ્કૃતિ છે. અને માત્ર આત્મા પ્રત્યે જ રાગ તે પ્રકૃતિ છે. રાગનું આ પ્રકૃતિ જન્ય સ્વરૂપ તે પ્રશસ્ત છે. જે બાહ્ય જગતથી સંબંધિત ન હોય,' જે રાગ બાહ્ય જગતથી પર થઈ આંતર જગતમાં ફેલાય તે વૈરાગ્ય. વિશ્વના પદાર્થો પરની પ્રીતિ તે રાગ. આંતરિક ઉચ્ચ ધ્યેય, કોઈ ઉચ્ચ હેતુ પ્રત્યેની પ્રીતિ તે વૈરાગ્ય. આમ રાગ દ્વેષથી પર થાય તે વીતરાગી બની શકે.

જગતની તમામ ધર્મ પરંપરાએ પ્રેમ અને સ્નેહની વાત કહી છે. ભગવાન મહાવીર ત્યાંથી આગળ વધીને વીતરાગતાની વાત કહે છે. રાગ

અને દ્વેષ એક સિક્કાની બે બાજુ છે.

એક વ્યક્તિને કોઈ એક સંપત્તિ પ્રત્યે રાગ થયો. એ સંપત્તિ મેળવવા માટે તે બળજબરી કરશે. પેલી વ્યક્તિ તે સંપત્તિ ન આપે તો હિંસા સુધી પહોંચી જશે. એક વ્યક્તિને એક રૂપવતી પર રાગ થયો. કદાચ તે એ રાગને "પ્રેમ" એવું નામ પણ આપી શકે. એ રૂપના ભોગ-ઉપભોગ માટે તે બળાત્કાર કે હિંસા સુધી પણ પહોંચી શકે. આમ પ્રથમ રાગ અને પછી દ્વેષ ઉત્પન્ન થાય છે અને તે હિંસામાં પરિણમે છે એટલે રાગને હિંસાનું ઉગમસ્થાન કહી શકાય. વીતરાગતા અહિંસાની જનની છે.

**માનસિક હિંસા - દ્રવ્યહિંસા.**

જૈન વિચારકોએ હિંસાના બે સ્વરૂપ દર્શાવ્યા છે; ભાવ હિંસા અને દ્રવ્ય હિંસા ભાવ હિંસા એટલે માનસિક હિંસા. પૂર્વે આપણે માનસિક હિંસા વિષે કેટલુંક વિચાર્યું છે. માનસિક હિંસા એટલે એવી હિંસા જેમાં પ્રત્યક્ષ રીતે કોઈપણ પ્રાણીની હત્યા ન થાય, પ્રાણઘાત ન થાય, કષ્ટ ન આપી શકાય છતાં પણ આત્મા અંદરથી હિંસાના સંકલ્પથી ઘેરાય જાય તેવી હિંસા માનસિક હિંસા, ભાવ હિંસા છે.

આ ભાવ હિંસા માનવાત્માને સર્વાધિક કલુષિત કરે છે. મનમાં કોઈ પ્રત્યે દ્વેષભાવ, વેરવૃત્તિ કે મિથ્યા સંકલ્પ-વિકલ્પ ઉત્પન્ન થાય અથવા ચોરી, વ્યભિચાર જેવા દુષ્કર્મના ભાવો ઉત્પન્ન થાય ત્યારે આત્મા ભાવ-હિંસાથી છવાઈ જાય છે.

ઉપર જણાવ્યું કે ભાવહિંસાથી કોઈપણ પ્રાણીને નુકસાન થતું નથી. નુકસાન થાય છે સ્વયં પોતાને, નાશ થાય છે સ્વયં પોતાનો. જ્યારે મનમાં ક્રોધ ઉત્પન્ન થાય ત્યારે અન્યને લાખ નુકસાન થાય કે ન થાય પણ ક્રોધીનું મન, મગજ ઉત્તેજિત, ક્રોધિત થવાથી વિચારો કુંઠિત થાય છે. આજ મોટી હત્યા છે. જે અન્યને નહીં પણ સ્વને, સ્વયંને જ કષ્ટ પહોંચાડે છે.

હિંસાપરાયણ વૃત્તિથી કુટુંબ, સમાજ, દેશ અને રાષ્ટ્રવ્યાપી રીતે અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. માનવી માનસિક હિંસા દ્વારા પોતાના વિચારોનું સંતુલન ગુમાવે છે. અને બીજાનો જીવવાનો જે મૂળભૂત અધિકાર છે તેના પર તરાપ મારી સ્વાર્થીવૃત્તિ અપનાવે છે ત્યારે માનસિક હિં...

વ્યાપી બને છે. આજે સમસ્ત વિશ્વમાં હિંસાનું સામ્રાજ્ય વ્યાપ્ત છે. પણ એનું ઉદ્‌ગમસ્થાન છે માનવીનું મન. હિંસાનો ભાવ પહેલાં મનમાં ઉત્પન્ન થાય છે પછી વચન અને કાયા દ્વારા-કર્મદ્વારા આચરણમાં આવે છે. સ્થૂળ હિંસા આપણે ઓછી કરતાં હોઈશું, પણ જીવન-વ્યવહારમાં ડગલે ને પગલે. આપણાં જ કુટુંબીઓ-નિકટનાં સ્વજનો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ ? માત્ર સ્વાર્થ, પ્રમાદ, રાગ અને દ્વેષથી દોરવાઈ ક્રોધના આવેશમાં મર્મઘાતી, કટુ, ક્લિષ્ટ, વચનો બોલીએ છીએ, વ્યંગમાં બોલીએ છીએ, મેણાંટોણાં મારીએ છીએ, અન્યને માનસિક કષ્ટ અને આઘાત પહોંચાડીએ છીએ, અશુભ વિચારીએ છીએ, અશુભ ઈચ્છીએ છીએ. આ હિંસા તરફ આપણું ધ્યાન જતું નથી. થોડી સજગતા, સતર્કતા અને સાવધાની રાખીએ તો માત્ર આવેગો અને આવેશોથી પ્રેરાઈ થતી આવી ઘણી હિંસામાંથી આપણે જરૂર બચી શકીએ. સંતાનો-કુટુંબીઓ સાથે નોકર જેવો વ્યવહાર, નોકર સાથે દુશ્મન જેવો વ્યવહાર, ઘરની વહુઓ સાથે દાસી જેવો વ્યવહાર કરીએ છીએ. કુટુંબ-કલહ સર્વત્ર છે. બધાના સ્વભાવ સરખા નથી પણ થોડી સમતા, સહિષ્ણુતા, સહનશીલતા અપનાવીએ તો હિંસામાંથી બચી જઈએ, શાંતિ પામીએ અને સંતાનોને પણ વારસામાં ભૌતિક સંપત્તિની અપેક્ષાએ મહામૂલા ઉચ્ચ સંસ્કારો આપી શકીએ.

બાહ્ય હિંસાની અપેક્ષાએ માનસિક હિંસા બળવત્તર છે. માનવી બહાર સંઘર્ષ કરે છે, લડાઈ કરે છે, હજારો સૈનિકોને પરાજિત કરે છતાં વિજયી નથી. ભગવાન મહાવીર, શાસ્ત્રકારોની દ્રષ્ટિએ જે માનવી આત્મા સાથે સંઘર્ષ કરે, જે આંતરિક શત્રુઓ આત્માને ઘેરી વળ્યાં છે તેને પરાજિત કરે, જે શત્રુઓ બહારના શત્રુઓની અપેક્ષાએ વિશેષ ખતરનાક-ભયંકર છે તેને અંકુશિત કરે તે વિજયી છે. બાહ્ય શત્રુઓ પ્રાણ લઈ માત્ર આ ભવને નષ્ટ કરે છે જ્યારે આંતરિક શત્રુઓ આત્માના સદ્‌ગુણોને નષ્ટ કરી, કષાય સ્વરૂપમાં મદોન્મત્ત બની અનેક પાપપ્રવૃત્તિઓ આચરતાં આ ભવ અને બીજા અનેક ભવો નષ્ટ કરે છે. આથી જ ભગવાન મહાવીરે કહ્યું, **‘લડાઈ કરો આંતરિક શત્રુઓ સાથે અને એ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરો.’**

હિંસાનું બીજું સ્વરૂપ છે દ્રવ્યહિંસા, દ્રવ્યહિંસા એટલે શું ? વ્યક્તિ

આંતરરૂપે સ્વચ્છ-નિર્મળ, નિર્વૈર, પવિત્ર છે. કોઈને કોઈપણ પ્રકારે કષ્ટ આપવા ઈચ્છતો નથી. પ્રત્યેક પ્રાણીના સંરક્ષણને ધર્મ માને છે. છતાં પણ તેના રોજિંદાક્રમમાં જે હિંસા-પ્રાણીનું હનન થાય તે દ્રવ્ય હિંસા છે. દ્રવ્યનો અર્થ સ્થૂલ છે. આ હિંસા માત્ર કહેવાની હિંસા છે, વાસ્તવિક નથી.

અહિંસક વૃત્તિદ્વારા રોજિંદા ક્રમમાં કોઈના વડે કોઈ જીવનું મરી જવું એ માત્ર હિંસા નથી પરંતુ ક્રોધ, મોહ, માયા, લોભ જેવી દુર્વૃત્તિને કારણે કોઈ પ્રાણીને મારી નાખવાની વૃત્તિ ઉત્પન્ન થવી તે હિંસા છે. જૈનાચાર્યો કહે છે, 'प्रमत्त योगात् प्राणव्यपरोयणं हिंसा' (तत्त्वार्थ सूत्र ७-१३) અર્થાત્ પ્રમાદવશ કોઈ પ્રાણીઓનું અપહરણ એટલે જ હિંસા. આનો અર્થ એવો કે એટલો જ કે હિંસાનો મૂળ આધાર કષાય-ભાવ છે. બાહ્યદૃષ્ટિએ હિંસા થાય કે ન થાય પરંતુ આંતરિક કષાયભાવ-રાગદ્વેષ છે તે હિંસા છે. એનાથી વિપરીત-જો સાધકમાં કષાયભાવ ન હોય, પ્રમાદાવસ્થા ન હોય છતાંપણ કોઈ પ્રાણની હિંસા થાય તો તે દ્રવ્ય હિંસા છે, ભાવહિંસા નથી. બાહ્ય રીતે પ્રાણનાશ થવા છતાં હિંસા નથી. આગળ પણ જોયું કે વિવેક દ્વારા થતી ક્રિયા હિંસાત્મક નથી. આવી સ્થિતિમાત્ર વીતરાગ આત્માઓ જ પ્રાપ્ત કરી શકે. કારણ તેઓ રાગ-દ્વેષથી મુક્ત છે આથી તેઓ સર્વ પ્રકારની હિંસાથી મુક્ત છે, તેમની દૈહિક ક્રિયાઓ હલન-ચલન દ્વારા થતી હિંસા પાપમૂલક હિંસા નથી.

હિંસાના આ બે રૂપ સરળ અને સહજ ગમ્ય છે. સાધકે હંમેશા ભાવહિંસાથી બચવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. કષાયભાવને નિયંત્રિત કરવાથી ભાવહિંસા ટાળી શકાય છે. ત્યારે દ્રવ્યહિંસા તેમને માટે વિશેષ આપત્તિરૂપ નથી.

**અહિંસા સામાજિક સ્તરે.**

અહિંસા-સામાજિક સ્તરે વિચારતાં પૂર્વે સમાજ અને સામાજિક જીવન વિષે પ્રથમ સમજવું જરૂરી છે. સમાજ એક એક વ્યક્તિનો સમ્મિલિત સમુદાય છે. જેને માનવ સમુદાય કહે છે જે ક્રમશઃ સમાજનું સ્વરૂપ ધારણ કરે છે.

વિશ્વના સમસ્ત મનુષ્ય મૂલતઃ એક છે. કોઈપણ દેશ, રાષ્ટ્ર, વર્ણ

વર્ગ કે જાતિ મનુષ્યજાતિની મૌલિક એકતાનો ભંગ કરી શકતી નથી.' આગળ વૈયક્તિક દૃષ્ટિએ અહિંસાની સંભાવના પર વિચાર કર્યો. વ્યક્તિ સંઘ અને સમાજથી નિરપેક્ષ રહી પૂર્ણ અહિંસાના આદર્શને ઉપલબ્ધ કરી શકે છે. પરંતુ આવી પૂર્ણ અહિંસા વિરલ સાધક પૂરતી જ મર્યાદિત રહેશે, સર્વસામાન્ય વ્યક્તિ-સમાજ માટે અસંભવિત માની શકાય. અહીંયા મુખ્ય પ્રશ્ન છે કે શું સામાજીક જીવન પૂર્ણ અહિંસાના આદર્શ પર રચી શકાય ખરું ? પૂર્ણ અહિંસક સમાજની રચના સંભવિત છે ખરી ? આના પ્રત્યુત્તર માટે થોડી ગહનચર્ચાને અવકાશ છે.

પ્રથમ એક સત્ય છે-અહિંસક- ચેતના અર્થાત્ સંવેદનશીલતાના અભાવમાં સમાજની કલ્પના શક્ય નથી. સમાજનું અસ્તિત્વ છે મનુષ્યો વચ્ચે આત્મીયતા, પ્રેમ-સહયોગ-લાગણીના સંબંધોને આધારે અર્થાત્ અહિંસાને આધારે. કારણ હિંસા એટલે ઘૃણા, વિદ્વેષ, આક્રમકતા, ક્રૂરતા વગેરે અને જ્યારે આવી વૃત્તિઓ વ્યક્તિમાં સ્થાપિત હશે ત્યારે સામાજિક ભાવના લુપ્ત થશે, અદૃશ્ય થશે અને સમાજનું સ્વરૂપ રુંધાઈ જશે. આમ અહિંસા અને સમાજ-પરસ્પરાવલંબી, સહગામી છે. અર્થાત્ મનુષ્યને જો એક સામાજિક પ્રાણી માનીએ તો એટલું સાબિત થાય કે માનવ-સામાજીક પ્રાણી માટે અહિંસા સ્વાભાવિક છે. આમ સમાજનું અસ્તિત્વ અહિંસાની દિવાલો પર છે.

તેની એક બીજી બાજુ છે, સમાજના અસ્તિત્વ માટે, તેના સદસ્યોના હિતના સંરક્ષણનો પ્રશ્ન મુખ્ય છે અને જ્યાં અસ્તિત્વની સુરક્ષા અને હિતોના સંરક્ષણનો પ્રશ્ન મુખ્ય બને છે.' ત્યાં હિંસા અપરિહાર્ય છે. હિતોમાં અથડામણ, સંઘર્ષ, ટકરાવ સ્વભાવિક છે. એટલું જ નહીં પરંતુ ક્યારેક તો એકનું હિત બીજાના અહિત પર, એકનું અસ્તિત્વ બીજાના વિનાશ પર થતું હોય છે તે પરિસ્થિતિમાં સમાજ-જીવનમાં પણ હિંસા અપરિહાર્ય બનશે. પુનઃ સમાજનું હિત અને સદસ્ય-વ્યક્તિનું હિત પણ પરસ્પર વિરોધી બની શકે છે. જ્યારે વૈયક્તિક હિત અને સામાજિક હિતોના સંઘર્ષની સ્થિતિ ઉત્પન્ન થાય ત્યારે બહુજનહિતાર્થ હિંસા અપરિહાર્ય બની શકે છે. જ્યારે કોઈ સમાજ કે રાષ્ટ્રનો કોઈ સદસ્ય કે વર્ગ પોતાના હિત માટે હિંસા કરે,

અન્યાય કરે ત્યારે મૂકપ્રેક્ષક બની અહિંસાના ગુણગાન ગાવાથી ઉકેલ આવતો નથી. જ્યાં સુધી 'માનવ જાતિ એક છે' જૈનાચાર્યો' જૈનસંતોની કલ્પના સાકાર નહીં થાય, જ્યાં સુધી સંપૂર્ણ માનવસમાજ ઈમાનદારીપૂર્વક અહિંસાનું પાલન કરવા પ્રતિબદ્ધ નહીં થાય, ત્યાં સુધી અહિંસક સમાજની કલ્પના કપોલકલ્પના સાબિત થશે. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે જ્યારે સંઘ કે સંઘના સદસ્યની સુરક્ષા કે ન્યાયનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે હિંસા સ્વીકૃત કરવી પડશે. ગણાધિપતી ચેટક અને આચાર્ય કાલક આના ઉત્તમ ઉદાહરણ છે. નિશીથચૂર્ણિમાં દર્શાવ્યું છે કે સંઘની સુરક્ષા અર્થે મુનિ પણ હિંસા આચરી શકે છે. જો કોઈ મુનિસંઘ સમક્ષ તરુણ સાધ્વીનું અપહરણ થાય કે બળાત્કાર થાય ત્યારે તે મુનિસંઘના સાધુઓનું કર્તવ્ય છે કે તરુણ સાધ્વીના સંરક્ષણ, ન્યાય અર્થે તેઓએ હિંસાત્મક પ્રવૃત્તિ દ્વારા તરુણ સાધ્વીનું રક્ષણ કરવું પડે છે. 'અહિંસાની રક્ષા માટે હિંસા' કદાચ હાસ્યાસ્પદ ભાસે પરંતુ આ વાસ્તવિકતા છે. અહિંસક સંસ્કૃતિની રક્ષા માટે હિંસા આવશ્યક છે. જ્યાં સુધી સંપૂર્ણ, સમસ્ત માનવસમાજ એકી સાથે અહિંસાની સાધના માટે તત્પર ન થાય ત્યાં સુધી અહિંસક અહિંસાનો આદર્શ સંભવિત નથી. સંરક્ષણાત્મક અને સુરક્ષાત્મક હિંસા સમાજજીવન માટે અપરિહાર્ય છે. સમાજ જીવનમાં એ માન્ય કરવું પડે છે. ઉદ્યોગ-વ્યવસાય' ખેતીવાડીમાં થતી હિસા સમાજ માટે આવશ્યક છે. માનવસમાજમાં માંસાહાર અને તેના દ્વારા ઉત્પન્ન થતી હિંસાને અટકાવવા-રોકવાની દિશામાં વિચારી શકાય છે. પરંતુ તેને માટે કૃષિ ક્ષેત્રે અને અહિંસક આહારની વિપુલતા સંબંધિત પ્રથમ સ્વાવલંબી થવું આવશ્યક છે. યોગ્ય પ્રયત્નોથી એ તો શક્ય છે પરંતુ માંસાહાર અટકાવવો ત્યારેજ શક્ય થાય જ્યારે મનુષ્યની સંવેદનશીલતાને પશુજગત સુધી વિકસાવી શકાય. જ્યાં સુધી માનવની હિંસકપ્રવૃત્તિ નિયંત્રિત નહીં કરાય ત્યાં સુધી આહારને સાત્ત્વિક, શાકાહારી નહીં બનાવી શકાય. આદર્શ અહિંસક સમાજ રચના અર્થે સમાજમાં પ્રવર્તતી અપરાધી, હિંસક પ્રવૃત્તિઓને ત્યાગવી, છોડવી પડશે અને હિંસક પ્રવૃત્તિઓને સ્થાને સંયમ, વિવેક, સંવેદનશીલતાને વિકસિત કરવી પડશે.

આ સૃષ્ટિ સ્નેહથી ચાલે, સામર્થ્યથી નહીં. સહઅસ્તિત્વ,

પરસ્પરાવલંબન સમાજની તાતી જરૂરિયાત છે. આજકાલ પારિવારિક હિંસામાં પણ વૃદ્ધિ થતી રહી છે. તેના પર સંશોધન પણ થાય છે. હિંસાનો ભોગ બનેલ કુટુંબીજન અન્ય પ્રત્યે તેનાથી તીવ્રરીતે, પ્રબળપણે હિંસા આચરતો જોવામાં આવે છે. સંયુક્ત કુટુંબમાં વહુની વિવિધ કારણોસર થતી સતામણી કુટુંબીજનની હિંસકવૃત્તિનું ઉત્તમ ઉદાહરણ છે. બાળક હિંસાના પાઠ પોતાના કુટુંબમાંથી શીખે છે. વડીલો પુત્ર પ્રત્યે શારીરિક કે માનસિક હિંસા આચરે છે તેનું જ પુનરાવર્તન પુત્ર મોટા થાય અને વડીલો માતા-પિતા વૃદ્ધ થાય ત્યારે તેમના તરફ આચરતો જોવા મળે છે અને તેનું ઉત્તમ ઉદાહરણ છે જહાંગીર-શાહજહાં અને ઔરંગઝેબ.

**માંસાહાર-હિંસા.**

માંસાહાર એટલે માંસનો આહાર. માંસ એ મનુષ્યનો કુદરતી ખોરાક છે જ નહીં અને હતો પણ નહીં. તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે માંસાહારી પ્રાણીઓના શરીરનું બંધારણ. માંસાહારી પ્રાણીના નખ, દાંત, જડબા વગેરે અંગોની રચના માંસાહારને અનુરૂપ હોય છે. શાકાહારીને પરસેવો થાય છે. માંસાહારીને પરસેવો થતો નથી. માંસાહારીનું પાચનતંત્ર માંસભક્ષણને અનુકૂળ હોય છે. તેમના આંતરડાંની લંબાઈ ઓછી હોય છે. આમ માનવી જો માંસાહારી બને તો પ્રથમ તો શારીરિક રીતે જ તેનું શરીર બંધારણ તેને અનુરૂપ નથી. ભારતીય સંસ્કૃતિના લૌકિક ધર્મો પણ માંસાહાર નિષેધ કરે છે.

**अस्थ्नि वसति रूद्रश्च मांसे चास्ति जनादनः ।**
**शुक्रे वसति ब्रह्माच, तस्मान्मांसं न भक्षयेत् ॥**

અર્થાત્ જીવોના હાડકામાં મહાદેવ, માંસમાં વિષ્ણુ અને વીર્યમાં બ્રહ્માજી વાસ કરે છે માટે માંસ ખાવું જોઈએ નહીં.

બીજાનું માસ ખાવું એ મહાપાપ છે. પોતાના પ્રાણના રક્ષાણાર્થે અન્યના પ્રાણનો ઘાતએ ન્યાય ક્યાંનો ?

માંસાહારીનું હૃદય પ્રથમ રાક્ષસી-દાનવ બને છે. કારણ અન્ય પ્રાણીઓનો ઘાત કરવાથી નિસર્ગદત્ત દયા-અનુકંપા તેનામાંથી નષ્ટ થાય છે આથી તે પાપી, ક્રૂર બને છે.

માંસાહાર નૈતિક અને કરુણાની ભાવનાના ધ્વંસ ઉપરાંત માનવી માટે સ્વાસ્થ્યની દૃષ્ટિએ હાનિકારક છે. તેનાથી કેન્સર, ક્ષય, પથરી, આંતરડાના દર્દ, લકવા, અનિદ્રા જેવા અનેક ચેપી, જીવલેણ રોગો ઉત્પન્ન થાય છે.

કોઈ દલીલ કરે કે શાકાહારીમાં પણ વનસ્પતિની હિંસા કરવાની જ હોય છે. વનસ્પતિ કે પ્રાણી-જીવહિંસા તો ખરી જને ! પણ આ ઉચિત નથી આગળ આપણે જોયું કે હિંસાનો સંબંધ આત્મા સાથે નથી પરંતુ પ્રાણ સાથે છે આથી જે પ્રાણીની જૈવિક શક્તિ વધુ વિકસિત છે. તેની હિંસા અધિક નિકૃષ્ટ છે. આ હિંસાના સ્તરના ભેદનો સ્વીકાર કરી અહિંસાને વિધાયક સ્વરૂપ આપી શકાય છે. આ સંબંધિત હિંસા અને અહિંસાનો પ્રશ્ન વિશેષ મહત્ત્વનો એટલા માટે છે કે તેનો સીધો સંબંધ માંસાહાર અને શાકાહારના પ્રશ્ન સાથે સંબંધિત છે.

શાકાહારના સમર્થકો માને છે કે હિંસા-અહિંસા સંબંધિત સંખ્યાનો પ્રશ્ન મહત્ત્વપૂર્ણ નથી. મહત્ત્વ છે પ્રાણીના ઐન્દ્રિક અને આધ્યાત્મિક વિકાસનો. એટલું જ નહીં સૂત્રકૃતાંગમાં અલ્પારંભ (અલ્પ હિંસા) યુક્ત ગૃહસ્થધર્મને એકાંત સમ્યક્ તરીકે માની હિંસા અને અહિંસાના પ્રશ્નને એક નવો મોડ આપવામાં આવ્યો છે. આથી અહિંસાનો સંબંધ બાહ્યની અપેક્ષાએ આંતર સાથે જોડાવા લાગ્યો. હિંસા- અહિંસાના વિવેકમાં બાહ્ય ઘટનાની અપેક્ષાએ સાધકની મનોદશાને વિશેષ મહત્ત્વપૂર્ણ માનવા લાગ્યાં. જો કે સૂત્રકૃતાંગના આર્દ્રક નામે અધ્યાયમાં બૌદ્ધ ધર્મની આ ધારણાની આલોચના કરવામાં આવી કે 'હિંસા-અહિંસાનો પ્રશ્ન વ્યક્તિની મનોદશા સાથે સંબંધિત છે, નહીં કે તેની બાહ્ય ઘટના પર.' પરંતુ જૈનપરંપરાના પરવર્તી ગ્રંથોમાં મનોદશાને જ હિંસા-અહિંસાના વિવેકનો આધાર માનવામાં આવ્યો છે. આગમોમાં એકવાત સર્વમતે સ્વીકારવામાં આવી છે કે જે હિંસા અપ્રમત્ત અને કષાયરહિત છે તેના દ્વારા બાહ્ય રૂપેથી થતી હિંસા વસ્તુતઃ હિંસા નથી. હિંસા સમયે જેટલી મનોભાવની ક્રૂરતા અપેક્ષિત છે તે હિંસા એટલી જ નિકૃષ્ટકોટિની મનાય છે. આથી જ વનસ્પતિની હિંસાની અપેક્ષાએ પશુની, પશુની અપેક્ષાએ મનુષ્યની હિંસામાં વિશેષ ક્રૂરતા અપેક્ષિત છે. આથી જ

જૈનધર્મના આદિપ્રવર્તક ઋષભદેવે મનુષ્યજીવનને અધિકાધિક સાત્ત્વિક બનાવવા માટે કૃષિને પ્રાધાન્ય આપી તેનો સર્વાંગી વિકાસ સાધ્યો.

માંસાહાર કરનાર પર માંસાહારની જવાબદારીની અપેક્ષાએ શાકાહારીની જવાબદારી વિશેષ અપેક્ષિત. છે. કારણ શાકાહારી સ્વયં માંસાહારીને શાકાહાર તરફ પ્રભાવિત કરી શક્યાં નહીં. શાકાહારીના શ્રદ્ધાળુ સાધકે અનેક સંશોધન, તારણ અને પુરાવા સાથે માંસાહારીને માંસાહારની નકારાત્મક, નિષેધાત્મક પાંસા તરફ અભિપ્રેત કરવા જોઈએ જેથી તેઓ શાકાહારનું મહત્ત્વ સમજી તેને અપનાવી શકે.

શાકાહારનો સંબંધ આહાર પુરતો મર્યાદિત નહીં માનતા તે ઘણો વ્યાપક છે. તેનો સીધો સંબંધ મૌલિક ધર્મ સાથે છે. જયારે માનવ આસપાસના પ્રાણીઓ સાથે વાત્સલ્ય, પ્રેમ-દયા-અનુકંપા-કરુણા ભર્યો વહેવાર કરે ત્યારે તેનો આત્મિક વિકાસ થાય છે. માનવની સભ્યતા, સુસંસ્કૃતિનું માપદંડ તેનામાં રહેલી અન્ય આત્માઓ પ્રત્યેની સહાનુભૂતિ, સભ્યતા છે. મહારાષ્ટ્રના સંત એકનાથ વિષયક એક ખુબ જાણીતું ઉદાહરણ છે. તેમના મંદિરમાં ભજન-કીર્તન ચાલુ હતા. બધા જ ભક્તિના રંગે રંગાયેલ, ભક્તિની મસ્તીમાં એકાગ્ર હતાં. મંદિર બહાર ભેંસને તેનો માલિક સોટીથી માર મારી રહ્યો હતો. જયારે એનું આક્રંદ મંદિરમાં સંતએકનાથ સુધી પહોચ્યું ત્યારે તેમની પીઠ પર પણ સોટીના સોળ ઊઠી આવ્યાં. આ છે માનવીની કરુણા, અનુકંપા, દયા, સહાનુભૂતિનું ઉત્તમ ઉદાહરણ.

ભારતદેશ શાકાહારનો સર્વશ્રેષ્ઠ સંદેશવાહક છે. શાકાહાર ભારતદેશના સર્વધર્મની આદિ પરંપરા છે. આજે પશ્ચિમના દેશો પણ ભારતના સંગથી, શીખથી શાકાહાર તરફ વળી રહ્યાં છે. અમેરિકાના વૈજ્ઞાનિકોએ જ અનેક સંશોધન પરથી તારણ કાઢ્યું છે કે શાકાહારીમાં તેજસ્વીતા, દયા, ક્ષમા, પ્રેમ, બળ, સહનશીલતા જેવા ગુણો વિશેષ રૂપે પ્રગટે છે અને વિકસે છે. તેમની આત્મિક અને માનસિક શક્તિ પણ સુવિકસિત હોય છે.

**અહિંસા દ્વારા પર્યાવરણ સંતુલન.**

જૈન ધર્મનો અહિંસાનો સિદ્ધાંત પર્યાવરણ સંતુલન પોષક છે. સ્થૂળ

અને સુક્ષ્મ હિંસાનો નિષેધ કરતો જૈન ધર્મ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોના સુખમય અસ્તિત્વના સમાન અધિકારનું સમર્થન કરે છે. જેથી વાયુ-અગ્નિ-જમીન-પાણી અને વનસ્પતિના જીવોની વિરાધના ન કરવા જણાવે છે. ભોગ ઉપભોગમાં સયંમ અને વિવેક જૈન જીવન શૈલીમાં અભિપેત છે. શાકાહાર-વનસ્પતિ અને પાણીની રક્ષા દ્વારા કુદરતી સાધનો અને સંપતિનો વેડફાટ અટકે છે જે પર્યાવરણ સંતુલન પોષક છે.

**અહિંસાનું વિધાયક સ્વરૂપ :**

અહિંસા એક વ્યવહારિક અને સમાજ સાપેક્ષ ધર્મ છે. કારણ તે લોકોની પીડાના નિવારણાર્થે છે. અહિંસા સમભાવની સાધનાની બાહ્ય અભિવ્યક્તિ છે અને સમભાવ અહિંસાનું તત્ત્વ છે, અહિંસાની આધારભૂમિ છે. અહિંસાના બે રૂપો છે (૧) નિષેધાત્મક (૨) તેમાંથી ફલિત થતું ભાવાત્મક.

જૈનશાસ્ત્રમાં જૈનાચાર્યોએ સમજાવ્યું છે કે, 'સર્વ પ્રાણીસુખ ઇચ્છે છે. કોઈને દુઃખ પસંદ નથી આથી કોઈને ઈજા ન કરવી. અથવા તો કોઈને પોતાના દુઃખનો તેની અનિચ્છાએ ભાગીદાર ન કરવા એટલે નિષેધાત્મક હિંસા.

અન્ય જીવોની લાગણી-તેની કદર કરવી, તેઓને હિંસામાંથી ઉગારવા, તેમને ઓછી પીડા થાય તેવા પ્રયત્ન કરવા, તેમના દુઃખમાં ભાગીદાર થવું, પોતાની સુખ સગવડનો અન્યને લાભ આપવો એ વિધેયાત્મક હિંસા, ભાવનાત્મક હિંસા. આ ભાવાત્મક અહિંસા દયા કે સેવા તરીકે જાણીતી છે.

આમ જીવ પર અનુકંપા કરવી, દયા કરવી, અનુગ્રહ કરવો એટલે અહિંસા. અહીંયા પ્રશ્ન ઉદ્દભવે છે નિગ્રહમાં અર્થાત્ પાપી, અપરાધીને દંડ કરવામાં હિંસા કે અહિંસા છે ? સામાન્ય રીતે માની શકાય કે જેને દંડ આપવાનો છે તેને કષ્ટ-પીડા ઉત્પન્ન થાય છે, તેની લાગણી દુભાય છે, તો તે અહિંસા કેવી રીતે હોઈ શકે ? દંડ આપવો તે હિંસા સ્વરૂપ છે.' પરંતુ એમ નથી. સંઘમાં આચાર્યો, ઘરમાં વડીલો, દેશમાં રાજાનું સ્થાન મહત્ત્વનું હોય છે. આચાર્યો, વડીલો, રાજા પોતાની પ્રજા-શિષ્યો પર અનુશાસન કરે

છે, અપરાધ થતાં તેઓને દંડે છે, નિગ્રહ કરે છે. એ તેમની ફરજ છે. અહીંયા જો નિગ્રહને અહિંસા સમજીએ તો વડીલ, આચાર્ય કે રાજાના સ્થાનનું મહત્ત્વ ન રહે. આગળ કહ્યું, તેમ વિવેક, સદ્‌ભાવયુક્ત કાર્યએ હિંસા નથી.

અહિંસા શબ્દ નિષેધાત્મક છે. અહિંસા અર્થાત્ (અ=નહીં અને હિંસા= ઘાત. પણ તેના મૂળમાં વિધેયાત્મક ધ્યેયો, અનેક ક્રિયાઓ નિહિત છે. જેનો સાંપ્રત પર્યાવરણીય બાબતો સાથે ગાઢ સંબંધ છે..

અહિંસા એ દયા, મૈત્રી, કરુણા, સમતા, સહિષ્ણુતા, અનુકંપાનો ભાવ છે. આથી જ જૈન શાસ્ત્રોમાં અહિંસાને પ્રાણીમાત્રની હિતૈષિણી માતા કહેવાય છે. આથી જ ભઘવાન મહાવીરે અહિંસાને 'માતા ભગવતી' કહી છે.

**હિંસા થતી નથી, થઈ જાય છે :-**

આગળ આપણે જોયું કે અહિંસા નિસર્ગદત્ત માનવમાત્રનો સામાન્ય ધર્મ છે. એટલે માનવે હિંસાની વૃત્તિ કેળવવી પડે છે. It has to be induced and cultivated. સંવેદનોને કુંઠિત કર્યા વિના હિંસા આચરી શકાતી નથી. આ હિંસાના ત્રણ રૂપો છે.

(૧) હિંસા કરવામાં આવે છે. (૨) હિંસા કરવી પડે છે (૩) હિંસા થઈ જાય છે. હિંસાનું રૂપ જેમાં હિંસા થઈ જાય છે તેની ગણત્રી હિંસા તરીકે થતી નથી કારણ કે તેમાં હિંસાનો સંકલ્પ અનુપસ્થિત હોય છે. અહીંયા હિંસાના રક્ષણ માટે સાવધાની- સાવચેતી હોય છે. આગળ જોયું તેમ જ્યાં હિંસાનો સંકલ્પ નથી, વિવેક મર્યાદા છે ત્યાં થતી હિંસા-હિંસાના ક્ષેત્રમાં સમાવિષ્ટ નથી.

હિંસા કરવી પડે છે - તે પૂર્વે જોયું તેમ ઉદ્યોગની કે આરંભની હિંસાનો પ્રકાર છે. રોજિંદી ક્રિયા, દૈહિક ક્રિયા દરમ્યાન જે હિંસા થાય છે તે હિંસા કરવી પડે છે. અહીંયા હિંસાનો સંકલ્પ વિવશતાથી, ઉદ્યોગવેપારને અનુલક્ષી કરવામાં આવે છે.

હિંસા થઈ જાય છે - તે સંકલ્પની હિંસા સ્વરૂપે છે. તેમાં હિંસાનો સંકલ્પ, હિંસાનો ઈરાદો પ્રસ્તુત હોય છે. જે આક્રમક પણ છે. અહીંયા

હિંસાનો સંકલ્પ સ્વતંત્રરૂપે કરવો પડે છે.

ગીતામાં કહ્યું છે કે અંતરમાં અહિંસક વૃત્તિ હોવા છતાં પણ હિંસાત્મક ક્રિયા થાય છે. ત્યાં જૈન વિચારણા આનો સ્પષ્ટ વિરોધ કરે છે. જૈન માન્યતા પ્રમાણે અંતરમાં અહિંસક વૃત્તિ હોવા છતાં હિંસા કરવામાં આવતી નથી જોકે હિંસા થઈ જાય છે. હિંસા કરવી એ સદૈવ સંકલ્પાત્મક હશે અને આંતરિક વિશુદ્ધિ હોવા છતાં હિંસાત્મક કર્મનો સંકલ્પ સંભવ નથી. (સૂત્રકૃતાંગ ૨/૬/૩૫) એટલું નિશ્ચિત છે કે સંકલ્પ હિંસા વૈરવૃત્તિ, દ્વેષ, ઈર્ષ્યાનું પરિણામ છે જેનું પરિણામ હંમેશા નકારાત્મક હોય છે.

વસ્તુતઃ હિંસા-અહિંસાની વિવક્ષામાં જૈનદષ્ટિનો સાર છે કે હિંસા બાહ્ય હોય કે આંતરિક, તે આચરણના નિયમ રૂપે થઈ શકતી નથી. બીજું હિંસા-અહિંસાની વિવક્ષામાં બાહ્ય પક્ષની અવહેલના માત્ર કેટલીક અપવાદાત્મક અવસ્થાઓમાં જ ક્ષમ્ય થઈ શકે છે. હિંસાનો હેતુ માનસિક પ્રવૃત્તિઓ, કષાયો છે. એ સમજમાં યોગ્ય છે પરંતુ માનસિક વૃત્તિ કે કષાયના અભાવે કરવામાં આવેલી દ્રવ્યહિંસા એ હિંસા નથી તે માનવું યોગ્ય નથી. સંકલ્પજન્ય હિંસા અધિક નિકૃષ્ટ છે. પરંતુ સંકલ્પના અભાવમાં થતી હિંસાએ હિંસા નથી અથવા તેનાથી કર્મ આસ્રવ થતા નથી. તે જૈનકર્મના સિદ્ધાન્તને અનુકૂળ નથી. વ્યવહારિક જીવનમાં આપણે તેને હિંસા માનવી પડશે.

**સંવેદનાની સૂક્ષ્મતા.**

જૈનદષ્ટિએ પરંપરાથી વનસ્પતિ સજીવ-ચેતનમય માનવામાં આવી છે. તેને માત્ર જીવ નહીં સંવેદના પણ છે આથી વૃક્ષને પ્રેમથી હાથ ફેરવવાથી ફૂલ હસી ઊઠે છે, છોડ સુપેરે ખીલે છે. સંગીતના સૂરની વનસ્પતિ પર અસર છે. વૈજ્ઞાનિક રીતે સાબિત થયું છે કે એક વૃક્ષને નિષ્ઠુર રીતે કુહાડીના ઘા ઝીંકવામાં આવે છે ત્યારે તેની બાજુનાં વૃક્ષની રક્તવાહિનીઓ સંકોચાય છે. જ્યારે માનવ મનતો વિશેષ સંવેદનશીલ છે જેથી માનવી માટે આ યથાર્થ નીવડે છે.

રમૂજમાં એક વાત કહેવાય છે. ઇંદ્રપુરનગરના ઇંદ્રસેનરાજાનો

રાજકુમાર આશ્રમમાં ઋષિ પાસે અભ્યાસાર્થે મોકલવામાં આવ્યો ત્યારે રાજાએ ઋષિને વિનંતિ કરી., 'બ્રાહ્મણ દેવ ! આપને નમ્ર સૂચન કે મારો રાજકુમાર બહુ નાનો છે. મારો એકનો એક લાડકવાયો છે. કદાચ ક્યારેક ભૂલ કરી બેસે તો આપ એને તમાચો નહીં મારતા, એની બાજુવાળાને મારો જેથી એ બધું સમજી જશે. પછી ભૂલ નહીં કરે.' આ વાત સંવેદનાની દૃષ્ટિએ યોગ્ય છે.

**અપરિગ્રહ અને અનેકાંતનું આચરણ અહિંસા પોષક છે.**

જૈન દર્શને પરિગ્રહ વિષે સૂક્ષ્મ નિરીક્ષણો કર્યા છે. પરિગ્રહ એ પાપ અને ગુનો ત્યારે બને છે કે જ્યારે તેમાં આસક્તિ, કટ્ટર માલિકી ભાવ અને ભોગ અભિપ્રેત બને.

ત્યાગને બદલે ભોગલક્ષી જીવનશૈલીને કારણે કુટુંબોમાં કુસંપ વધ્યા. સાગરીય તેલક્ષેત્રોના ભૂમિબિંદુ માટે એક જ રાષ્ટ્રના બે રાજ્યો ઝગડે છે. કાવેરી અને નર્મદાના નીરની વહેંચણી માટે પણ વિવાદ, તેલ માટે આંતરરાષ્ટ્રીય લડાઈઓ ખંજરથી લઈને વિસ્ફોટ બોમ્બ જેવા ઘાત શસ્ત્રો દ્વારા માનવી આજે માનવીના લોહીનો તરસ્યો થયો છે.

કુદરતે બક્ષેલી જમીન અને જલરાશિના ઝઘડા જાણે આપણને ઓછા પડ્યા હોય તેમ આકાશી ક્ષેત્રોમાં સ્પેસ લેબોરેટરી અને અવકાશી સ્ટેશનો સર્જી મોરચાનું મંડાણ થઈ રહ્યું છે, કુટુંબથી શરૂ થઈ વિશ્વ, અને હવે આ કુરુક્ષેત્ર કોસ્મિક વિશ્વ સુધી વિસ્તરી ચૂક્યું છે.

મહાત્મા ગાંધીજીએ કહ્યું કે 'તમારી પાસે જે કાંઈ હોય તે બધાનો તમે ત્યાગ કરો છો ત્યારે તમે જગતની સઘળી દોલતના માલિક બનો છો.''

અપરિગ્રહનું વ્રત શ્રદ્ધાપૂર્વક આચરણ પામે ત્યારે સમાજવાદના આદર્શની પ્રતિષ્ઠા થઈ શકે.

પરિગ્રહનાં વિવેકહીન ભોગે ફ્રાન્સ જેવા મૂડીવાદી દેશોમાં હિંસાએ તાંડવ નૃત્ય કર્યું. ફ્રાન્સમાં એક બાજુ મૂડીવાદી શાસકોનો વૈભવ અને બીજી બાજુ વિશાળ સમુદાયની ભયંકર દરિદ્રતા, તેથી પ્રજાને એક (બ્રેડ) રોટલાનો

ટુકડો મેળવવા શાસકો વિરૂદ્ધ બળવો કરવો પડેલો. વધુ પડતા પરિગ્રહને લીધેજ કાર્લમાર્ક ક્રાંતિનું સર્જન થયું. ક્રાતિઓ લોહિયાળ પણ બને. ભગવાન મહાવીરનું અર્થશાસ્ત્ર અહિંસાપોષક છે. પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવા તે હિંસા છે. જૈનધર્મ બતાવેલ અનેકાંત વિચારધારાનું આચરણ હિંસા નિવારી શકે છે. બીજાની વાત પણ સાચી હોઈ શકે. કોઈપણ વિચાર કે અન્યના મતને દરેક બાજુએથી જોવો. જો માનવી પોતાની દષ્ટિ છોડી બીજાની દષ્ટિથી જૂએ તો અડધું જગત શાંત થઈ જાય એ સુંદર વાત જૈન દર્શને અનેકાંતવાદ દ્વારા સમજાવી છે.

માતા-પુત્ર, પતિ-પત્ની, સાસુ-વહુ, શેઠ-નોકર - બે પક્ષના કાર્યકરો-પ્રજા-નેતા, સરકાર-પ્રજા, અમલદાર-પ્રજા, સંસ્થાના કાર્યકરો દરેક અભિપ્રાય અને ઘટનાને અનેકાંત દ્વારા જોશે તો મોટાભાગના પ્રશ્નો ઉકલી જશે. જૈનધર્મે અન્યના મત પ્રતિ ઉદાર અને સહિષ્ણુ થવાની વાત ''પરમત સહિષ્ણુતાના સિદ્ધાંત''માં સમજાવી છે. અનેકાંતનું આચરણ અહિંસા પોષક બને છે. અનેકાંતનું આચરણ વિશ્વશાંતિનો મૂલાધાર છે.

**વર્તમાન સ્થિતિમાં અહિંસા** શબ્દશાસ્ત્રની દ્રષ્ટિએ અહિંસા, હિંસાનો નકારાત્મક ભાવ છે. અહિંસાનો સામાન્ય અર્થ છે - હિંસા ન થવી. અહિંસા એટલે કોઈપણ જીવપર અનુકંપા, દયા, અનુગ્રહ કરવો. અહિંસા જીવનનો સર્વોચ્ચ આદર્શ છે.

આજના યુગમાં, વર્તમાન પરિસ્થિતિ જોતાં અહિંસા અનિવાર્ય થઈ ગઈ છે. અહિંસાને સ્વીકાર્યા વિના સૃષ્ટિ બચાવ મુશ્કેલ છે. અહિંસા નથી તો સર્વનાશ નિશ્ચિત છે. કારણ વિજ્ઞાનના પદાર્થોથી અહિંસા એ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રાચીન સમયની સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વે નાના-મોટાં ઝઘડાઓ પતી જતાં. બે દેશો કે રાષ્ટ્રો પરસ્પર યુદ્ધ કરી બીજા પર વિજય પ્રાપ્ત કરી આનંદ-સંતોષ માનતા પરંતુ આજ આવા યુદ્ધ વિશ્વ-યુદ્ધનું સ્વરૂપ ધારણ કરે છે. આજે મશીનગન, અણુબોંબ સર્વ વિનાશક સાબિત થયો છે આથી જ દુનિયાના મોટા રાજનીતિજ્ઞો યુદ્ધનો અસ્વીકાર કરે છે, ટાળે છે. પ્રેમ, સમજૌતાથી મંત્રણાઓ કરે છે. શાંતિ સંઘોની સ્થાપના વિશ્વ સ્તરે થઈ છે, જે અહિંસાની અનિવાર્યતા સ્થાપિત કરે છે.

માનવી, સમાજ કે રાષ્ટ્રના ચરિત્ર્ય ઘડતરની સાથોસાથ અહિંસાની ભાવનાનો વિકાસ થવો અનિવાર્ય છે. સર્વ ધર્મનો સાર અહિંસા છે. જેમ આત્મા વિના શરીર મડદું, શબ છે તેમ અહિંસા વિના ધર્મ નિષ્પ્રાણ છે. અહિંસા વિનાનો ધર્મએ ધર્મ નથી, એ છે માત્ર કપોલ કલ્પના. કોઈપણ ધર્મ ગમે તેટલો ઊંચો હોય, ક્રિયા-કાંડની પ્રધાનતા હોય, ઉગ્રતપશ્ચર્યા, ધર્માચરણ થતું હોય પરંતુ ત્યાં જો અહિંસાની ભાવના વિદ્યમાન ન હોય તો તે ધર્મ મૂલ્યહીન છે. જે ધર્મમાં અહિંસા ભાવનાનું સ્રોત વિપુલમાત્રામાં વહેતું હોય તે જ ધર્મ વિરાટ સ્વરૂપ ધારણ કરી શકે છે. જીવો પ્રત્યે દયા, પીડિતો પ્રત્યે સંવેદના, નિર્બળ પ્રત્યે અનુકંપા, પાપાત્મા પ્રત્યે સહાનુભૂતિ, વિષયાસકતો પ્રત્યે સહિષ્ણુતા કેળવવી અનિવાર્ય છે કારણ કે જીવનમાં ભૌતિક ક્ષેત્રે જે સફળતા મળે છે તે ક્ષણિક, નશ્વર હોય છે. જીવનની વાસ્તવિક સફળતા છે આત્માની પવિત્રતા. આ પવિત્રતા વિશ્વના સમસ્ત આદર્શો અને સિદ્ધાંતોને સમાન રૂપે માન્ય છે. મનુષ્ય માત્રનું અંતિમ લક્ષ્ય પવિત્રતા છે. બધાની મંઝીલ એક જ છે, ભલે સત્તાઓ ભિન્ન હોય, રજુઆત, મતો ભિન્ન હોય. તે આત્માની પવિત્રતા પ્રાપ્ત થાય છે અહિંસક પ્રવૃત્તિઓ દ્વારા.

અહિંસા જીવનમાં સ્થાપિત ત્યારે જ થાય જ્યારે હૃદયમાં '**आत्मवत सर्वभूतेषु**' એ સર્વસામાન્ય સિદ્ધાંતનું સંપૂર્ણપણે સ્થાપન કરવામાં આવે. દરેક મનુષ્ય આ ભાવનાને હૃદયમાં ધારણ કરે અને જીવદયા પાલન માટે આ શ્લોક માનસ પટ સ્થાપિત કરે.

अहिंसा प्रथमो धर्मः सर्वशास्त्रेषु विश्रुतः ।<br>
यत्र जीवदया नास्ति तत्सर्वं परिवर्जयेत् ॥

# પરિશિષ્ટ

# અહિંસા અને આગમ

## પહેલા ખંડના પ્રથમ દ્વારમાં પ્રાણવધનું સ્વરૂપ

[જૈન પરંપરાનુસાર અર્હત ભગવાને આગમોનું પ્રરુપણ કર્યું અને ગણધરોએ એને સૂત્રરૂપ નિબધ્ધ કર્યું. આગમોમાં ૧૨ અંગો છે જેમાંનું દસમું અંગ પ્રશ્નવ્યાકરણ છે. જે पण्हवागरणदसा અથવા वागरणदसा નામે ઓળખાય છે. સમસ્ત સૂત્ર પ્રશ્નોના ઉત્તર (वागरण) રૂપે હોવાને કારણે તેને 'પ્રશ્નવ્યાકરણ' નામ આપવામાં આવ્યું છે. તેમાં બે ખંડ છે. પહેલા ખંડમાં પાંચ આસ્રવદ્વાર અને બીજા ખંડમાં સંવરદ્વારોનું વર્ણન છે.

પહેલા ખંડના પ્રથમ દ્વારમાં પ્રાણવધનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. ત્રસ-સ્થાવર જીવોનો વધ કરવાથી કે કષ્ટ પહોંચાડવાથી હિંસાનું પાપ લાગે છે તે સુંદર રીતે દર્શાવવામાં આવ્યું છે.

બીજા ખંડના પ્રથમ દ્વારમાં અહિંસાનું વિવેચન કરવામાં આવ્યું છે. અહિંસાને ભગવતી સ્વરૂપ દર્શાવવામાં આવી છે. સાધુઓને યોગ્ય, નિર્દોષ ભિક્ષાના નિયમો દર્શાવવામાં આવ્યાં છે. અહિંસાવ્રતની પાંચ ભાવનાઓનું વિવેચન કરવામાં આવ્યું છે.]

પ્રાણવધરૂપ હિંસાના વિવિધ અર્થના પ્રતિપાદક ગુણવાચક ત્રીસ નામ છે - (૧) પ્રાણવધ (૨) શરીરથી [જીવોના પ્રાણોનું]ઉન્મૂલન કરવું તે (૩) અવિશ્વાસ (૪) હિંસા વિહિંસા (૫) અકૃત્ય (૬) ઘાતકારી (૭) મારણ (૮) વધકારી (૯) ઉપદ્રવકારી (૧૦) અતિપાતકારી (૧૧) આરંભસમારંભ (૧૨) આયુકર્મનો ઉપદ્રવ, ભેદ, નિષ્ઠાપન, ગાલના, સંવર્તક અને સંક્ષેપ (૧૩) મૃત્યુ (૧૪) અસંયમ (૧૫) કટક (સૈન્ય) મર્દન (૧૬) વ્યુપરમણ (૧૭) પરભવ સંક્રામણકારક (૧૮) દુર્ગતિપ્રપાત (૧૯) પાપકોપ (૨૦) પાપલોભ (૨૧) છેદન (૨૨) જીવિત-અંતઃકરણ (૨૩) ભયંકર (૨૪) ઋણકર (૨૫) વજ્ર (૨૬) પરિતાપન આશ્રવ (૨૭) વિનાશ (૨૮) નિર્યાપના (૨૯) લુંપના (૩૦) ગુણોની વિરાધના. ઈત્યાદિ ક્લેશયુક્ત પ્રાણવધના કટુફળ નિર્દેશક આ ત્રીસ નામ છે.

વિવેચન :

આ સૂત્રમાં પણ પ્રકારાન્તરે હિંસાના કટુફળ નિર્દેશક પર્યાયવાચી ૩૦ નામનું કથન છે. પ્રત્યેક નામમાં દ્રશ્યકાલીન અર્થાત્ અભિવ્યક્ત હિંસાનું જ ચિત્રણ છે. તેમજ તેમાં હિંસાની પ્રવૃત્તિ, તેના કારણ અને તેના પરિણામનું પણ દર્શન થાય છે. યથા-

(૧) पाणवहः - જે જીવને જેટલા પ્રાણ હોય છે, તેનું હનન થાય છે, માટે તેને પ્રાણવધ કહે છે.

(૨) उम्मूलगा सरीराओः - (ઉન્મૂલના શરીરાત્) જીવને શરીરથી જૂદો કરવો. પ્રાણીના પ્રાણોનો નાશ થાય છે માટે તે ઉમ્મૂલના શરીર કહેવાય છે.

(૩) अवीसंभो :- (અવિશ્રમ્ભ) અવિશ્વાસ, હિંસક વ્યક્તિ પર કોઈને વિશ્વાસ આવતો નથી. તે અવિશ્વાસજનક છે માટે અવિશ્રમ્ભ છે.

(૪) हिंसविहिंसा (हिंस्यविहिंसा) :- જેની હિંસા કરવામાં આવે છે, તેના પ્રાણોને હણી નાખે છે, તેથી તેને હિંસ્યવિહિંસા કહે છે.

(૫) अकिच्चं (अकृत्यम्) :- સત્પુરુષો દ્વારા કરવા યોગ્ય કાર્ય ન હોવાથી હિંસા અકૃત્ય-કુકૃત્ય રૂપ છે.

(૬) घायणा :- પ્રાણોની ઘાત કરવા રૂપ હોવાથી તેને ઘાતકારી કહે છે.

(૭) मारणा :- હિંસા મરણને ઉત્પન્ન કરનારી હોવાથી તેને મારણા કહે છે.

(૮) वहणा :- હણવારૂપ હોવાથી તેને વધકારી કહે છે.

(૯) उद्दवणा :- અન્યને પીડા પહોંચાડવાના કારણે તે ઉપદ્રવરૂ છે.

(૧૦) तिवायणा (त्रिपातना) :- મન-વચન-કાયા અથવા શરીર આયુષ્ય એવું ઈન્દ્રિય આ ત્રણનું પતન થવાના કારણે તે ત્રિપાતના છે. અહીં "નિવાયણા" પાઠ પણ પ્રાપ્ત થાય છે પરંતુ અર્થમાં સમાનતા છે.

(૧૧) आरंभ-समारंभो :- જીવોને કષ્ટ પહોંચાડવાના કારણે અથવા તેને મારવાના કારણે હિંસાને આરંભ સમારંભ કહેલ છે. જ્યાં આરંભ-

સમારંભ છે ત્યાં હિંસા અનિવાર્ય છે.

(૧૨) आउयक्कम्मस्स उवद्दवो, भेयणिद्दवणगालणा य संवट्टग संखेवो :- (आयुः कर्मणः उपद्रवः भेदनिष्ठापन गालना संवर्तक संक्षेपः) આયુષ્ય કર્મનું ઉપદ્રવણ કરવું, ભેદન કરવું, નિષ્ઠાપન કરવું, ગાળવું-ક્ષય કરવો, સંવર્તક (નાશ) કરવો અથવા આયુષ્યને સંક્ષિપ્ત કરવું. લાંબા કાળ સુધી ભોગવવા યોગ્ય આયુષ્યને અલ્પ સમયમાં ભોગવવા યોગ્ય બનાવી દેવું.

(૧૩) मच्चू :- મૃત્યુનું કારણ હોવાથી અથવા મૃત્યુરૂપ હોવાથી હિંસા તે મૃત્યુ છે.

(૧૪) असंजमो :- જ્યાં સુધી પ્રાણી સંયમ ભાવમાં રહે છે ત્યાં સુધી હિંસા થતી નથી. અસંયમની સ્થિતિમાં જ હિંસા થાય છે માટે તે અસંયમ છે.

(૧૫) कडगमद्दण :- (કટકમર્દન) સેના દ્વારા આક્રમણ કરીને પ્રાણનો વધ કરવો અથવા સેનાના વધ કરવા રૂપ હોવાથી તેને કટકમર્દન કહે છે.

(૧૬) वोरमण :- (વ્યુપરમણ)-પ્રાણોને જીવથી જુદા કરવારૂપ હોવાથી તેને વ્યુપરમણ કહે છે.

(૧૭) परभव संकामकारओ :- (પરભવ સંક્રમકારક) વર્તમાન ભવથી અલગ કરીને પરભવમાં પહોંચાડવાના કારણે તેને પરભવ સંક્રમકારક કહે છે.

(૧૮) दुग्गइप्पवाओ :- (દુર્ગતિપ્રપાત) નરકાદિ દુર્ગતિમાં પાડનાર હોવાથી તેને દુર્ગતિપ્રપ્રાત કહે છે.

(૧૯) पावकोवो :- (પાપ કોપ) હિંસા પાપરૂપ છે કારણ કે તેના આદિ મધ્યે અનંત અશુભ છે. આવેગમય સંસ્કારોનો ઉદય તે કષાયરૂપ છે. કષાય વિના હિંસાનો સંભવ નથી, માટે માટે હિંસાને પાપકોપ કહે છે.

(૨૦) पावलोभो :- (પાપલોભ) હિંસા પાપ પ્રત્યે લોભ, આકર્ષણ, પ્રીતિ

વધારનાર છે, તેથી તેને પાપલોભ કહે છે.

(૨૧) **छविच्छेओ** :- (છવિચ્છેદ) હિંસા દ્વારા વિદ્યમાન શરીરનું છેદન થવાથી તેને છવિચ્છેદ કહે છે.

(૨૨) **जीवियंतकरणो** :- (જીવિતાંતકરણ) જીવનનો અંત કરનાર હોવાથી જીવિયંતકરણરૂપ છે.

(૨૩) **भयंकरो** :- (ભયંકર) ભયને ઉત્પન્ન કરનાર હોવાથી ભયંકર છે.

(૨૪) **अणकरो** :- (ઋણકર) હિંસા કરવી તે કરજ-ઋણ કરવા તુલ્ય છે. ભવિષ્યમાં જેને ભોગવીને ઘોર કષ્ટ સહન કરવું પડે છે તેથી તેને ઋણકર કહે છે.

(૨૫) **वज्जो** :- (વજ્-વર્જ્ય) હિંસા જીવને વજ્ની જેમ ભારે બનાવી અધોગતિમાં લઈ જાય છે તેથી વજ્ર કહે છે અને આર્યપુરુષો દ્વારા ત્યાજ્ય હોવાથી વર્જ્ય કહે છે.

(૨૬) **परियावण-अण्हओ** :- (પરિતાપન-આસ્રવ) પ્રાણીઓને પરિતાપના પહોંચાડે છે અને તેના ક્રૂર પરિણામ કર્મના આશ્રવનું કારણ છે તેથી તેને પરિતાપન આશ્રવ કહે છે.

(૨૭) **विणासो** :- (વિનાશ) પ્રાણોનો વિનાશ થતો હોવાથી તેને વિનાશ કહે છે.

(૨૮) **णिज्जवणा** :- (નિર્યાપના) પ્રાણોની સમાપ્તિનું કારણ હોવાથી તેને નિર્યાપના કહે છે.

(૨૯) **लुंपणा** :- (લુમ્પના) પ્રાણોનો લોપ થતો હોવાથી તેને લુંપના કહે છે.

(૩૦) **गुणाणं विराहणा** :- (ગુણોની વિરાધના) હિંસા, મરનાર અને મારનાર બન્નેના સદ્‌ગુણોને વિનષ્ટ કરે છે, માટે તેને ગિણ વિરાધના કહે છે.

# અહિંસાભગવતીના વિવિધનામો

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર (આગમ) શ્રુતસ્કંધ-૨ અધ્યયન-૧માં અહિંસાભગવતીના વિવિધ ૬૦ નામોનું વિવેચન કર્યું છે.

સૂત્રકારે આશ્રવદ્વારના કથનમાં હિંસાદિ આશ્રવોની વ્યાપકતાને સમજાવવા તેના અનેક પર્યાયવાચી નામનું કથન કર્યું છે. તે જ રીતે અહિંસા આદિ સંવરનું સ્વરૂપ સમજાવવા તેના પર્યાયવાચી નામોનું કથન કર્યું છે. હિંસાની જેમ અહિંસાના પણ બે ભેદ છે. દ્રવ્ય અહિંસા અને ભાવ અહિંસા અથવા સ્વદયા અને પરદયા. પ્રસ્તુત પર્યાયવાચી નામના સ્પષ્ટીકરણથી બંને પ્રકારની અહિંસાનું સ્વરૂપ સમજી શકાય છે.

આ અહિંસા દેવો, મનુષ્યો અને અસુરો સહિત સમગ્ર લોકને માટે દ્વીપની સમાન, ત્રાણ-રક્ષા કરનાર છે. તે વિવિધ પ્રકારના જગતના દુઃખોથી પીડિત જીવોની રક્ષા કરનાર છે. તે શરણાદાત્રી-જીવોને શરણ દેનાર છે, કલ્યાણ ઇચ્છુક જીવો માટે ગતિગમ્ય છે, પ્રાપ્ત કરવા યોગ્ય છે તથા પ્રતિષ્ઠા-સમરસ ગુણો અને સુખોનો આધાર છે. તે અહિંસા ભગવતીના ૬૦ નામોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે -

(૧) **નિર્વાણ** :- મુક્તિનું કારણ, શાંતિ સ્વરૂપ છે. તેથી તેને નિર્વાણ કહે છે.

(૨) **નિર્વૃત્તિ** :- દુર્ધ્યાન રહિત હોવાથી તેને નિર્વૃત્તિ કહે છે. તે માનસિક સ્વસ્થતારૂપ છે.

(૩) **સમાધિ** :- સમતાનું કારણ છે. તેથી તેને સમાધિ કહે છે.

(૪) **શક્તિ** :- આધ્યાત્મિક શક્તિ અથવા શક્તિનું કારણ છે. ક્યાંક "सत्ती" ના સ્થાને "संती" પદ મળે છે. જેનો અર્થ છે શાંતિ, અહિંસામાં બીજાના દ્રોહની ભાવનાનો અભાવ હોય છે માટે તે શાંતિ પણ કહેવાય છે.

(૫) **કીર્તિ** :- કીર્તિનું કારણ છે તેથી તેને કીર્તિ કહે છે.

(૬) **કાન્તિ** :- અહિંસાના આરાધકમાં કાંતિ-તેજસ્વિતા ઉત્પન્ન થાય છે માટે તેને કાંતિ કહે છે.

(૭) **રતિ** :- પ્રાણીમાત્ર પ્રત્યે પ્રીતિ, મૈત્રી, અનુરક્તિ, આત્મીયતાને ઉત્પન્ન કરવાનું કારણ હોવાથી તે રતિ કહે છે.

(૮) **વિરતિ** :- પાપોથી વિરક્તિ રૂપ હોવાથી તેને વિરતિ કહે છે.

(૯) **શ્રુતાંગ** :- સત્શાસ્ત્રોના અધ્યયન, મનનથી અહિંસાભાવ ઉત્પન્ન થતો હોવાથી તેને શ્રુતાંગ કહે છે.

(૧૦) **તૃપ્તિ** :- સંતોષવૃત્તિ પ્રણ અહિંસાનું એક અંગ છે. તેથી તેને તૃપ્તિ કહે છે.

(૧૧) **દયા** :- કષ્ટ પામતાં, મરતાં યા દુઃખી પ્રાણીઓની કરુણા ભાવથી રક્ષા કરવી. યથાશક્તિ બીજાના દુઃખોને દૂર કરવાનો પ્રયત્ન કરવો તે દયા છે અને તે અહિંસાનું જ સ્વરૂપ છે.

(૧૨) **વિમુક્તિ** :- બંધનમાંથી સંપૂર્ણ રૂપે મુક્ત કરનાર હોવાથી તેને વિમુક્તિ કહે છે.

(૧૩) **ક્ષાંતિ** :- ક્ષમા આત્માનો ગુણ છે તેથી તે અહિંસા રૂપ છે.

(૧૪) **સમ્યક્ત્વારાધના** :- સમ્યક્ત્વની આરાધના અથવા સેવાનું કારણ હોવાથી તેને સમ્યક્ત્વ આરાધના કહે છે.

(૧૫) **મહતી** :- સર્વ વ્રતોમાં મહાન-પ્રધાન છે, તેમાં સર્વ વ્રતોનો સમાવેશ થઈ જાય છે. તેથી તેને મહતી કહે છે.

(૧૬) **બોધિ** :- ધર્મપ્રાપ્તિનું કારણ હોવાથી તેને બોધિ કહે છે. તત્ત્વનો બોધ કરાવનાર છે.

(૧૭) **બુદ્ધિ** :- બુદ્ધિની સાર્થકતા દેનાર હોવાથી તેને બુદ્ધિ કહે છે.

(૧૮) **ધૃતિ** :- ચિત્તની ધીરતા, દઢતારૂપ છે. તેથી તેને ધૃતિ કહે છે.

(૧૯) **સમૃદ્ધિ** :- સર્વ પ્રકારની સંપન્નતાથી યુક્ત, જીવનને આનંદિત કરાવનાર છે. તેથી તેને સમૃદ્ધિ કહે છે.

(૨૦) **ઋદ્ધિ** :- લક્ષ્મી પ્રાપ્તિનું કારણ હોવાથી તેને ઋદ્ધિ કહે છે.

(૨૧) **વૃદ્ધિ** :- પુણ્ય, ધર્મ વૃદ્ધિનું કારણ છે તેથી તેને વૃદ્ધિ કહે છે.

(૨૨) **સ્થિતિ** :- મુક્તિમાં પ્રતિષ્ઠિત કરનારી છે. તેથી તેને સ્થિતિ કહે છે.

(૨૩) **પુષ્ટિ** :- પુણ્ય વૃદ્ધિથી જીવનને પુષ્ટ બનાવનાર અથવા પાપને ઘટાડી

પુણ્યનો વધારો કરનારી છે. તેથી તેને પુષ્ટિ કહે છે.

(૨૪) **નંદા** :- પોતાને અને બીજાને આનંદ દેનારી છે તેથી તેને નંદા કહે છે.

(૨૫) **ભદ્રા** :- પોતાનું અને પરનું ભદ્ર-કલ્યાણ કરનારી છે તેથી તેને ભદ્રા કહે છે.

(૨૬) **વિશુદ્ધિ** :- આત્માને વિશિષ્ટ શુદ્ધ બનાવનારી છે તેથી તેને વિશુદ્ધિ કહે છે.

(૨૭) **લબ્ધિ** :- અહિંસા કેવળજ્ઞાન આદિ લબ્ધિઓનું કારણ છે તેથી તેને લબ્ધિ કહે છે.

(૨૮) **વિશિષ્ટ દૃષ્ટિ** :- વિચાર અને આચારમાં અનેકાંતપ્રધાન દર્શનવાળી છે. તેથી તેને વિશિષ્ટ દૃષ્ટિ કહે છે.

(૨૯) **કલ્યાણ** :- શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યનું કારણ છે. તેથી તેને કલ્યાણ કહે છે.

(૩૦) **મંગલ** :- અહિંસા પાપનો વિનાશ કરનાર, સુખને ઉત્પન્ન કરનાર અને ભવસાગરથી તારનાર છે. તેથી તેને મંગલ કહે છે.

(૩૧) **પ્રમોદ** :- પોતાને અને બીજાને હર્ષ ઉત્પન્ન કરાવનાર છે. તેથી તેને પ્રમોદ કહે છે.

(૩૨) **વિભૂતિ** :- આધ્યાત્મિક ઐશ્વર્યનું કારણ છે. તેથી તેને વિભૂતિ કહે છે.

(૩૩) **રક્ષા** :- પ્રાણીઓને દુઃખથી બચાવનાર અને આત્માને સુરક્ષિત રાખનાર છે. તેથી તેને રક્ષા કહે છે.

(૩૪) **સિદ્ધાવાસ** :- સિદ્ધોમાં નિવાસ કરાવનાર, મુક્તિધામમાં પહોંચાડનાર અને મોક્ષના હેતુરૂપ છે. તેથી તેને સિદ્ધાવાસ કહે છે.

(૩૫) **અનાશ્રવ** :- આવતાં કર્મોનો નિરોધ કરનાર છે તેથી તેને અનાશ્રવ કહે છે.

(૩૬) **કેવલીસ્થાન** :- કેવલીઓના સ્થાનરૂપ છે. તેથી તેને કેવલીસ્થાન કહે છે.

(૩૭) **શિવ** :- સુખ સ્વરૂપ, ઉપદ્રવોનો નાશ કરનાર છે. તેથી તેને શિવ કહે છે.

(૩૮) **સમિતિ** :- સમ્યક્ પ્રવૃત્તિ રૂપ છે. તેથી તેને સમિતિ કહે છે.

(૩૯) **શીલ** :- સદાચાર સ્વરૂપા (સમીચીન) આચારવાળી છે. તેથી તેને શીલ કહે છે.

(૪૦) **સંયમ** :- મન અને ઇન્દ્રિયોનો નિરોધ તથા જીવનરક્ષા રૂપ છે. તેથી તેને સંયમ કહે છે.

(૪૧) **શીલપરિગ્રહ** :- સદાચાર અથવા બ્રહ્મચર્યનું ઘર, ચારિત્રનું સ્થાન છે તેથી તેને શીલપરિગ્રહ કહે છે.

(૪૨) **સંવર** :- આશ્રવનો નિરોધ કરે છે, તેથી તેને સંવર કહે છે.

(૪૩) **ગુપ્તિ** :- મન, વચન, કાયાની દુષ્ટ પ્રવૃત્તિને રોકવારૂપ છે, તેથી તેને ગુપ્તિ કહે છે.

(૪૪) **વ્યવસાય** :- વિશિષ્ટ, ઉત્કૃષ્ટ નિશ્ચય રૂપ છે. તેથી તેને વ્યવસાય કહે છે.

(૪૫) **ઉચ્છ્રય** :- પ્રશસ્ત ભાવોની ઉન્નતિ, વૃદ્ધિ, સમુદાયરૂપ છે. તેથી તેને ઉચ્છ્રય કહે છે.

(૪૬) **યજ્ઞ** :- આત્મ દેવની પૂજા કરવા માટે યજ્ઞ સ્વરૂપ છે. તેથી તેને યજ્ઞ કહે છે.

(૪૭) **આયતન** :- સમસ્ત ગુણોનું સ્થાન છે. તેથી તેને આયતન કહે છે.

(૪૮) **જયણા** :- સર્વ જીવો પ્રત્યે યત્ના કરાવનારી, વિવેકપૂર્ણ વ્યવહાર કરાવનારી છે. તેથી તેને જયણા કહે છે.

(૪૯) **અપ્રમાદ** :- પ્રમાદ-બેદરકારીના ત્યાગ સ્વરૂપ છે. તેથી તેને અપ્રમાદ કહે છે.

(૫૦) **આશ્વાસ** :- પ્રાણીઓ માટે આશ્વાસનરૂપ છે. તેથી તેને આશ્વાસ કહે છે.

(૫૧) **વિશ્વાસ** :- સર્વ જીવોના વિશ્વાસનું કારણ છે. તેથી તેને વિશ્વાસ કહે છે.

(૫૨) **અભય :-** પ્રાણીઓને નિર્ભયતા દેનાર, સ્વયં આરાધકને પણ નિર્ભય બનાવનારી છે. તેથી તેને અભય કહે છે.

(૫૩) **સર્વનો અમાઘાત :-** પ્રાણીમાત્રની હિંસાના નિષેધરૂપ અથવા અમારી ઘોષણા સ્વરૂપ છે. તેથી તેને સર્વઅમાઘાત કહે છે.

(૫૪) **ચોક્ષ :-** ચોખી (સ્વચ્છ) શુદ્ધ, સારી રીતે પ્રતીત થનાર અહિંસા છે. તેથી તેને ચોક્ષ કહે છે.

(૫૫) **પવિત્રા :-** અત્યંત પવિત્ર વજ્ર સમાન ઘોર આઘાતથી પણ રક્ષણ કરનારી છે. તેથી તેને પવિત્રા કહે છે.

(૫૬) **શુચિ :-** ભાવની અપેક્ષાએ શુદ્ધ, હિંસા આદિ મલિન ભાવોથી રહિત અને નિષ્કલંક હોવાથી તેને શુદ્ધ કહે છે.

(૫૭) **પૂતા (જા) :-** ભાવથી આત્મદેવની પૂજા કરવારૂપ છે અથવા નિષ્કલંક છે. તેથી તેને પૂતા (પૂજા) કહે છે.

(૫૮) **વિમલા :-** સ્વયં નિર્મલ અને નિર્મલતાનું કારણ છે, તેથી તેને વિમલા કહે છે.

(૫૯) **પ્રભાસા :-** આત્માને તેજ દેનારી અર્થાત્ અહિંસા પ્રકાશમય છે, તેથી તેને પ્રભાસા કહે છે.

(૬૦) **નિર્મલતરા :-** અત્યંત નિર્મળ અથવા આત્માને નિર્મળ બનાવનાર છે. તેથી તેને નિર્મલતરા કહે છે.

સૂત્રોક્ત નામ પરથી અહિંસાના અત્યંત વ્યાપક તેમજ વિરાટ સ્વરૂપને સહજ રીતે સમજી શકાય છે. નિર્વાણ, નિવૃત્તિ, સમાધિ, તૃપ્તિ, ક્ષાન્તિ, બોધિ, ધૃતિ, વિશુદ્ધિ આદિ નામ સાધકની આંતરિક ભાવનાઓને પ્રગટ કરે છે અર્થાત્ માનવની આવા પ્રકારની સાત્ત્વિક ભાવનાઓ પણ અહિંસામાં ગર્ભિત છે. રક્ષા, સમિતિ, દયા અમાઘાત આદિ નામ અહિંસક સાધકના વ્યવહારના દ્યોતક છે. દુઃખોથી પીડિત પ્રાણીને દુઃખથી બચાવવા તે પણ અહિંસા છે. બીજાને પીડા થાય તેવું કાર્ય ન કરતાં; યતના, સદાચાર કે સમિતિનું પાલન કરવું તે પણ અહિંસાનું અંગ છે. સર્વ જીવો પર દયા-કરુણા રાખવી તે પણ અહિંસા છે. કીર્તિ, કાન્તિ, રવિ, પવિત્ર, શુચિ, પૂતા-નિષ્કલંક આદિ નામ તેની પવિત્રતાના પ્રકાશક છે. નન્દા, ભદ્રા,

કલ્યાણ, મંગલ, પ્રમોદ, આદિ નામ અહિંસાની આરાધનાના ફળને પ્રગટ કરે છે. તેની આરાધનાથી આરાધકની ચિત્તવૃત્તિ કલ્યાણમયી, મંગલમયી બની જાય છે.

આ પ્રકારે સૂત્રોક્ત અહિંસાના નામોથી તેના વિવિધ રૂપોનું, તેની આરાધનાથી આરાધકના જીવનમાં પ્રાદુર્ભૂત થનારી પ્રશસ્ત વૃત્તિઓનું અને તેના પરિણામનું ચિત્ર સ્પષ્ટ ઉપસી આવે છે.

અહિંસાનું અંતિમ ફળ નિર્વાણ છે, તે પ્રસ્તુત પાઠથી જાણી શકાય છે.

(ગુરુપ્રાણ આગમ બત્રીસીનું દસમું આગમ ૨૮૭ "પ્રશ્ન વ્યાકરણ સૂત્ર"માંથી સાભાર-સંપાદિકા પૂજ્ય લીલમબાઈ મ.સ.પૂ.ડૉ સાધ્વી આરતી, સાધ્વી સુબોધિકાશ્રી અનુવાદિકા સાધ્વી પૂ. સુનિતાજી મ.સા.)

**શ્રી સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર, મુંબઈ – ૪૦૦ ૦૮૬.**

સેંટરની વિવિધ યોજનાઓ માટે નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આર્થિક અનુદાન પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર.

- 'માનવ મિત્ર' સાયન (સ્વ. ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર) પ્રેરિત ટ્રસ્ટ.
- શ્રી માટુંગા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરીટીઝ – મુંબઈ–૪૦૦ ૦૧૮.
- શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ, મુંબઈ–૪૦૦ ૦૮૦.
- શ્રી ઘાટકોપર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, નવરોજી લેન, મુંબઈ–૭૭.
- શ્રી ઋષભદેવજી જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ, ચેમ્બુર, મુંબઈ–૪૦૦ ૦૭૧.
- સ્વ. નર્મદાબાઈ ચેરીટીઝ ટ્રસ્ટ ઘાટકોપર
  શ્રી ઘાટકોપર એજ્યુકેશન સોસાયટી (સ્વ. વાડીલાલ ચત્રભૂજ ગાંધી પરિવાર પ્રેરિત ટ્રસ્ટ)
- શ્રી માટુંગા (વેસ્ટર્ન રેલ્વે) જૈન શ્વે. મૂ. પૂ. સંઘ, મુંબઈ
- શ્રી પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ, ઘાટકોપર (વે)
- શ્રી પદ્મનાભ જૈન સંઘ, અંધેરી
- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, ઘાટકોપર (પૂ)
- શ્રી જૈન એસોસીએશન ઈન નોર્થ અમેરિકા
- શ્રી ધર્મશાંતિ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, કાંદિવલી (પૂર્વ)

## શ્રી પંડિત રત્નચંદ્રજી જૈન કન્યાશાળા ટ્રસ્ટ

### પી. એન. દોશી વીમેન્સ કોલેજ ઓફ આર્ટ્સ સંચાલિત

### સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર

સૌરાષ્ટ્રકેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ સાહેબની શ્રૃતપ્રભાવના વિશિષ્ટ હતી શાસ્ત્રગ્રંથોનું પરિશિલન, તાડપત્રીયગ્રંથોનો સંગ્રહ અને જાળવણી, શાસ્ત્રભંડારો અને પાઠશાળાની સ્થાપનામાં એમનું અનેરું યોગદાન હતું.

આ સંદર્ભના પરિપ્રેક્ષ્યમાં અધ્યાત્મ યોગિની પૂ. લલિતાબાઈ મ. સા. ના વિધ્વાન શિષ્યા પૂ. ડો. તરૂલતાજીની પ્રેરણાથી ''સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણગુરુ જન્મ શતાબ્દી સમિતિ'' મુંબઈના સહયોગથી ગુરુદેવની સ્મૃતિ ચિરંજીવ રાખવા પૂજયશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે સંસ્થાએ ''સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેન્ટર'' ની સ્થાપના કરી છે. સેંટરના ઉંદ્દેશ આ પ્રમાણે છે.

- જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું અધ્યયન, સંશોધન, સંપાદન અને પ્રકાશન કરવું.
- સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મના સાહિત્યનું પ્રકાશન કરવું.
- જૈનધર્મના તત્ત્વોની વૈજ્ઞાનિક રીતે રજુઆત કરવી
- પ્રાચીન હસ્તલિખિત અને તાડપત્રીય ગ્રંથોનું સંશોધન અને પુસ્તકાલયની પ્રવૃત્તિ કરવી.
- જૈન ધર્મને કેન્દ્રમાં રાખી માનવધર્મની પ્રવૃત્તિનો વિકાસ કરવો.
- જૈન સાહિત્યના અધ્યયન અને સંશોધનનો આભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ) આપવી.
- વિદ્વાનો અને સંતોના પ્રવચનોનું આયોજન કરવું.
- ધર્મ અને સંસ્કારના વિકાસ અને સંવર્ધન થાય તેવી શિબિર અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવું. સંસ્કારલક્ષી, સત્ત્વશીલ અને શિષ્ટ સાહિત્યનું પ્રકાશન કરવું.
- અભ્યાસ નિબંધ વાંચન (Paper Reading) લીપી વાંચન અને પ્રાચીન જૈન ગ્રંથો (Old Jain Manuscript) નું વાંચન.
- જૈન ધર્મપર સંશોધન M.A., Ph.D, M.Phil કરનારા જીજ્ઞાસુ, શ્રાવક, સંત-સતીજીઓને સહયોગ, સુવિધા અને માર્ગદર્શન પૂરા પાડવા અને સંશોધિત સાહિત્યનું પ્રકાશન.
- જૈન પ્રાચીન ગ્રંથો, ચિત્રો, શિલ્પ, સ્થાપત્યના ફોટાઓ વિગેરેની સી.ડી. તૈયાર કરાવવી.
- દેશ-વિદેશમાં જૈનધર્મ પર પરિસંવાદ, પ્રવચન-આયોજન, ઈન્ટનેટ પર 'વેબસાઇટ' દ્વારા જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્ય વિષયક માહિતીનો પ્રચાર કરવો.

આપના સહયોગની અપેક્ષા સાથે.

ટ્રષ્ટી : નવનીતભાઈ શેઠ

માનદ્ સંયોજક : ગુણવંત બરવાળિયા

સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફીલોસોફિકલ એન્ડ લીટરરી રીસર્ચ સેંટર

S. P. R.J. કન્યાશાળા ટ્રષ્ટ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.